આજનો સુવિચાર

કિરણ ભલે સૂરજની હોય કે આશાની હોય, તે આપણી જિંદગીમાંથી અંધકારનો નાશ કરે છે!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૦૩ જૂનાગઢ તા.૦૮-૦૮-૨૦૨૪ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 203, Junagadh : Date : 08 August, 2024, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


## વિનેશ ફોગાટે કુસ્તીમાંથી સન્યાસ લેવાની જાહેરાત કરી : દેશને વધુ એક આંચકો

### ભાંગી પડેલી વિનેશે ભાવુક પોસ્ટ સાથે કુસ્તીને અલવિદા કરવાનું એલાન કર્યું - 'હું હારી, કુસ્તી જીતી'

નવી દિલ્હી,તા.૮

પેરિસ ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ માટેના ફાઈનલ મુકાબલા પુર્વે જ માત્ર ૧૦૦ ગ્રામ વધુ વજનના કારણે ડીસ્કવોલીફાઈ થયેલી ભારતીય સ્ટાર કુશ્તીબાજ વિનેશ ફોગાટ ભાંગી પડી છે અને કુશ્તીમાંથી સન્યાસ લેવાનો આંચકાજનક નિર્ણય જાહેર કર્યો છે.

ઓલિમ્પિકમાં ફાઈનલ પુર્વે જ વધુ વજનના કારણે અયોગ્ય જાહેર થયેલી વિનેશ ફોગાટે આજે સવારે ૫.૧૭ કલાકે ટવીટ પોષ્ટમાં નિવૃતિ લેવાની જાહેરાત કરી હતી. ટ્વીટમાં વિનશે લખ્યું કે 'મા, કુશ્તી મારાથી જીતી ગઈ, હું હારી ગઈ. માફ કરજો આપનું સ્વપ્ન, મારી હિંમત બધું તૂટી ગયું. હવે વધુ તાકાત રહી નથી.' અલવિદા કુશ્તી ૨૦૦૧-૨૦૨૪ની ભાવુક પોષ્ટ સાથે ૨૯ વર્ષીય વિનેશ ફોગાટે સન્યાસનું એલાન કર્યુ હતું.

વિનેશ ફોગાટનો આ નિર્ણય સમગ્ર દેશ માટે પણ આંચકાજનક બની રહેવાનું સ્પષ્ટ છે. જો કે વિનેશ ફોગાટના પરિવારે એવું જાહેર કર્યુ છે કે સન્યાસ લેવાના તેના નિર્ણય વિશે તેની સાથે વાતચીત કરવામા આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગઈકાલે ફાઈનલ મુકાબલા પુર્વે વિનેશ ફોગાટને અયોગ્ય જાહેર કરવામાં આવી હતી જેના પગલે તે ભાંગી પડી હતી અને ડીહાઈડ્રેશનની અસર હેઠળ સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.




## ભારત-બાંગ્લાદેશ સરહદે ઘુસણખોરીનો પ્રયાસ ૧૦૦૦ બાંગ્લાદેશીઓને બીએસએફએ અટકાવ્યા



ઢાકા તા.૮

ભારત-બાંગ્લાદેશ સરહદ નજીક ઘૂસણખોરી કરી રહેલા લગભગ ૧૦૦૦ બાંગ્લાદેશીઓને જલપાઈગુડી નજીક BSF જવાનોએ રોક્યા હતા. નોર્થ બંગાળ ફ્રન્ટિયરના જણાવ્યા અનુસાર, આ લોકો બાંગ્લાદેશમાં પ્રદર્શનકારીઓના હુમલાના ડરથી એકઠા થયા હતા.

BSF અને બોર્ડર ગાર્ડ બાંગ્લાદેશે આ લોકો સાથે વાત કરી, ત્યારબાદ તેઓ બધા પાછા ફર્યા. બાંગ્લાદેશ સાથેની આંતરરાષ્ટ્રીય સરહદ પર BSF હાઈ એલર્ટ પર છે.

બીજી તરફ શેખ હસીનાના રાજીનામા બાદ આજે બાંગ્લાદેશમાં વચગાળાની સરકાર રચાશે. આ ૧૫ સભ્યોની સરકારનું નેતૃત્વ નોબેલ પુરસ્કાર વિજેતા મુહમ્મદ યુનુસ કરશે. સરકારનો શપથ ગ્રહણ સમારોહ રાત્રે ૮:૩૦ વાગે થશે.

યુનુસ આજે બપોરે ૨.૪૦ કલાકે પેરિસથી બાંગ્લાદેશ પહોંચશે. ઢાકા ટ્રિબ્યુન અનુસાર, લગભગ ૪૦૦ લોકો શપથ સમારોહમાં ભાગ લેશે. બાંગ્લાદેશના આર્મી ચીફ વકાર-ઉઝ-રહેમાને શપથ ગ્રહણ સંબંધિત માહિતી જણાવી હતી.

## લોકસભામાં વકફ સંશોધન બીલ રજુ : ગૃહમાં હોબાળો

નવી દિલ્હી તા.૮

કેન્દ્ર સરકારે આજે બપોરે ૧ કલાકે લોકસભામાં વકફ (સંશોધન બીલ) રજુ કરી દીધું છે. કેન્દ્રીય કાનુન મંત્રી કિરણ રીજીજુએ બીલ રજુ કર્યું હતું. વકફ સંશોધન બીલથી વકફ બોર્ડની વર્તમાન સત્તાઓ અને અધિકારો પર નિયંત્રણ આવી જશે તેવું મનાય છે. હાલમાં દેશમાં ૩૦ વકફ બોર્ડ છે. અને વકફ બોર્ડ પાસે ૮.૭૦ લાખ સંપત્તીઓ છે. આ બીલ રજુ થયા




બાદ લોકસભામાં ચર્ચામાં ભાગ લેતા કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી, ડીએમકે, ટીએમસી સહિતના વિપક્ષોએ તેનું વિરોધ કરતાં આ બીલને બંધારણીય માળખાની વિરૂધ્ધ દર્શાવતા કહ્યું કે, સરકાર બંધારણની વિરૂધ્ધ જઈ રહી છે અને એક ધર્મના લોકો સાથે ભેદભાવ થઈ રહ્યો છે. જ્યારે સરકાર એવું માની રહી છે કે, હાલમાં વકફ પાસે અસિમિત અધિકાર છે. વકફ બોર્ડના નિર્ણયને અદાલતમાં પણ પડકારી શકાતો નથી. જ્યારે કેન્દ્રીય મંત્રી ગીરીરાજ સિંહે એવું જણાવ્યું કે, વિપક્ષ લઘુમતીઓને ખુશ કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. લોકસભામાં ભારે હોબાળો મચી ગયો છે.

## રાજયસભાની ખાલી પડેલી ૧૨ બેઠકો માટે ૩ સપ્ટેમ્બરે મતદાન

નવી દિલ્હી,તા. ૮:

ચૂંટણીપંચે રાજયસભામાં ખાલી થનારી ૧૨ બેઠકો માટે ૩ સપ્ટેમ્બરે મતદાન કરવાની જાહેરાત કરી છે. આ બેઠકોમાં મહારાષ્ટ્ર, બિહાર અને આસામની બે-બે બેઠકો અને હરિયાણા, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ત્રિપુરા, તેલંગણ અને ઓડિશાની એક-એક બેઠકનો સમાવેશ છે. આસામમાં કામાખ્યા પ્રસાદ તાશા અને સર્વાનંદ સોનોવાલ, બિહારમાં મિસા ભારતી અને વિવેક ઠાકુર, હરિયાણામાં દીપેન્દર સિંહ હૂડા, મધ્ય પ્રદેશમાં જયોતિરાદિત્ય સિંધિયા, મહારાષ્ટ્રમાં છત્રપતિ ઉદયનરાજે ભોસલે અને પીયૂષ ગોયલ, રાજસ્થાનમાં કે. સી. વેણુગોપાલ અને ત્રિપુરામાં બિપ્લબ દેબ લોકસભામાં ચૂંટાઈ આવ્યા હોવાથી તેમની બેઠકો ખાલી પડી છે એટલે તેમના બચેલા કાર્યકાળ માટે સંસદસભ્ય ચૂંટી કાઢવા માટે મતદાન યોજાશે.

## પૂણેમાં ઝીકા વાયરસના ૮ નવા કેસમાં ૬ ગર્ભવતી મહિલાઓ

નવી દિલ્હી, તા.૮:

મહારાષ્ટ્રના પુણેમાં ઝીકા વાયરસનો ખતરો વધી રહ્યો છે. પુણેમાં જીકા વાયરસ ચેપના ૮ નવા કેસ નોંધાયા હતા. પુણે મ્યુનિસિપલ કોર્પોરેશન (પીએમસી) દ્વારા રજૂ કરાયેલા અહેવાલ મુજબ, તેમાં ૭ ગર્ભવતી મહિલાઓનો સમાવેશ થાય છે. દરેકની સ્થિતિ સામાન્ય છે. જૂનથી અત્યાર સુધીમાં લગભગ ૮૧ કેસ નોંધાયા છે. એક વરિષ્ઠ આરોગ્ય અધિકારીએ સમાચાર એજન્સી પીટીઆઈને જણાવ્યું કે અત્યાર સુધીમાં ચાર દર્દીઓના મોત થયા છે, પરંતુ તે બધા ચેપ સિવાય અન્ય ઘણી બીમારીઓથી પીડિત હતા.

## શહેરોમાં ઘર બનાવવા માટે વ્યાજ પર વધુ સબસીડી આપવા કેન્દ્ર સરકારની તૈયારી

નવી દિલ્હી તા.૮

કેન્દ્ર સરકાર પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી)નો વ્યાપ વધારવા જઈ રહી છે. તેના માટે શહેરોમાં મધ્યમ આવક વર્ગ (એમઆઈજી) માટે ઈન્કમ સ્લેબ અને ઈડબલ્યૂએસ માટે કેન્દ્રીય સહાય વધારવાની તૈયારી છે. હાલ ઈડબલ્યૂએસને ઘર બનાવવા માટે ૧.૫૦ લાખ રૂપિયાની મદદ મળે છે. તેને સંબંધિત કેબિનેટ નોટ તૈયાર થઈ ચૂકી છે. તેને આ જ મહિને કેન્દ્રીય કેબિનેટ સક્ષમ રજૂ કરવામાં આવશે. શહેરોમાં ઘર નિર્માણનો ખર્ચ વધુ છે, તેથી પીએમએવાય ૨.૦ હેઠળ મહત્તમ હોમ લોન પર ૧૨ લાખ સુધી સબસિડી આપી શકાય છે. પીએમએવાય ૨.૦માં શહેરી ગરીબ અને મધ્યમ વર્ગ માટે ૧૦ લાખ કરોડ રૂપિયાથી ૧ કરોડ ઘર બનાવવાનું આયોજન છે. તેમાં કેન્દ્રીય મદદમાં ૨.૨૦ લાખ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. યોજના હેઠળ ગ્રામ્ય વિસ્તારોમાં ૨ કરોડ વધારાના ઘર ઉપલબ્ધ કરાવવાનો પ્રસ્તાવ છે.

## સતત ૯મી વખત વ્યાજદર યથાવત : લોન સસ્તી નહીં થાય

નવી દિલ્હી તા.૮:

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની મોનેટરી પોલિસી કમિટીએ ત્રણ દિવસની બેઠક બાદ રેપો રેટને વર્તમાન ૬.૫%ના દરે જાળવી રાખવાનો નિર્ણય લીધો છે. ભારતીય રિઝર્વ બેંકે વ્યાજ દરોમાં કોઈ ફેરફાર કર્યો નથી.

RBI એ વ્યાજ દરો ૬.૫% પર યથાવત રાખ્યા છે. એટલે કે લોન મોંઘી નહીં થાય અને તમારી EMI પણ વધશે નહીં. આરબીઆઈએ છેલ્લે ફેબ્રુઆરી ૨૦૨૩માં દર ૦.૨૫% થી વધારી ૬.૫% કર્યા હતા.

આરબીઆઈ ગવર્નર શક્તિકાંત દાસે ગુરુવારે બેઠક બાદ આ માહિતી આપી હતી. તેમણે કહ્યું કે, મોનેટરી પોલિસી કમિટીએ ૬, ૭ અને ૮ ઓગસ્ટના રોજ યોજાયેલી તેની બેઠકમાં ૪:૨ની બહુમતી સાથે પોલિસી વ્યાજ દરો એટલે કે રેપો રેટને ૬.૫% પર યથાવત રાખવાનો નિર્ણય લીધો હતો. ફેબ્રુઆરી ૨૦૨૩થી રેપો રેટમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. MPCએ સતત નવમી બેઠકમાં રેપો રેટને ૬.૫% પર સ્થિર રાખવાનો નિર્ણય લીધો છે.

કમિટીના બે સભ્યોએ જૂનમાં યોજાયેલી મોનેટરી પોલિસી કમિટીની છેલ્લી બેઠકમાં પણ ૬ માંથી ૪ સભ્યોએ રેપો રેટ યથાવત રાખવાની તરફેણમાં મતદાન કર્યું હતું. પોલિસી રેપો રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટના ઘટાડા અને વલણમાં ફેરફાર માટે મત આપ્યો હતો.

રિઝર્વ બેંકના નિર્ણયો વિશે માહિતી આપતા રિઝર્વ બેંક ગવર્નરે કહ્યું કે, વૈશ્વિક સ્તરે અસ્થિરતા દેખાઈ રહી છે. જો કે વિશ્વભરમાં ફુગાવો ઘટી રહ્યો છે. સેન્ટ્રલ બેંકો અર્થતંત્રની સ્થિતિના આધારે વ્યાજ દરો અંગે નિર્ણયો લે છે.

### આગોતરા જામીન આપતી વખતે

## ગુજરાતની અદાલતો દ્વારા તપાસ અધિકારીઓને આરોપીના કસ્ટોડિયલ રિમાન્ડની મંજુરી આપવી ગેરકાયદેસર : સુપ્રિમ કોર્ટ

નવી દિલ્હી તા.૮ :

સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે ગુજરાતની અદાલતો આગોતરા જામીન આપતી વખતે તપાસ અધિકારીઓને આરોપીના પોલીસ કસ્ટોડિયલ રિમાન્ડ મેળવવાની સ્વતંત્રતા આપે છે તે ગેરકાયદેસર છે. સર્વોચ્ચ અદાલતે કહ્યું કે, પોલીસને આવી સ્વતંત્રતા આપવાથી આગોતરા જામીન આપવાનો હેતુ જ નિષ્ફળ જશે.

સર્વોચ્ચ અદાલતે આ ચુકાદો સુપ્રિમ કોર્ટ દ્વારા મંજૂર કરાયેલ વચગાળાના આગોતરા જામીનના ઉલ્લંઘનમાં આરોપીની ધરપકડ કરવા અને રિમાન્ડ પર લેવા બદલ પોલીસ ઈન્સ્પેકટર અને જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટને કોર્ટના તિરસ્કાર માટે દોષિત ઠેરવ્યો હતો.

અવમાનના કારણના બચાવમાં જણાવ્યું હતું કે ગુજરાતમાં અનુસરવામાં આવતી પ્રથા મુજબ, પોલીસને આગોતરા જામીન મંજૂર કરાયેલા આરોપીની કસ્ટડી માટે મેજિસ્ટ્રેટ સમક્ષ અરજી કરવાની સ્વતંત્રતા આપવામાં આવે છે.

## આવતીકાલે મોરબીથી કોંગ્રેસની ન્યાય પદયાત્રાનો પ્રારંભ

મોરબી, તા. ૮

ગુજરાત ન્યાય પદયાત્રાનું આવતીકાલે મોરબીથી પ્રસ્થાન થશે ત્યાં પહેલા છેલ્લા ત્રણ દિવસથી પ્રદેશ કોંગ્રેસનાં કાર્યકારી પ્રમુખ અને ધારાસભ્ય અને મોરબી જિલ્લા કોંગ્રેસનાં પ્રમુખ સહિતના લોકો મોરબીના ડોર ટુ ડોર પ્રચાર કરીને લોકોને ગુજરાત ન્યાય પદયાત્રામાં જોડાવા માટે ત્યારે ગુજરાત પ્રદેશ કોંગ્રેસનાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના માજી પ્રમુખ, કોંગ્રેસનાં માજી ધારાસભ્યોએ, પીડિત પરિવારના લોકો, મોરબી અને કચ્છ જિલ્લાના લોકો મોટી સંખ્યામાં જોડાશે. આગામી તા. ૨૩ના રોજ આ ગુજરાત ન્યાય યાત્રા ગાંધીનગર ખાતે પહોચશે.

પ્રમુખ શક્તિસિંહજી ગોહિલની સુચનાનુસાર ૯ ઓગસ્ટથી મોરબી ખાતેથી પ્રદેશના માર્ગદર્શન હેઠળ "ગુજરાત ન્યાય પદયાત્રા" શરૂ થવાની છે. રાજ્યમાં છેલ્લા ત્રણ દાયકાથી ભાજપના શાસનમાં ભયમુક્ત ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે તેના જ લીધે વડોદરા હરણી બોટ કાંડ, મોરબી બ્રીજ કાંડ, કાંકરિયા રાઈડ કાંડ, તક્ષશિલા આગ કાંડ જેવા અનેક બનાવો બનેલ છે જેમાં ગુજરાતના નિર્દોષ નાગરિકો ભોગ બની રહ્યા છે.

જે લોકોનો ભોગ લેવાઈ રહ્યો છે તેના પરિવારને ન્યાય મળી રહ્યો નથી અને આરોપીઓને સજા પણ કરવામાં આવી રહી નથી જેથી કરીને આ બધી જ ઘટનામાં ભોગ બનેલા પીડીત પરિવારોને ન્યાય અપાવવા ગુજરાત ન્યાય યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં પીડિત પરિવારો, કોંગ્રેસના આગેવાનો હોદ્દેદારો તેમાં કાર્યકરો અને ગુજરાતનાં નાગરિકો જોડાશે.

## પાન-આધાર લીંક નહીં હોય તો પણ વધુ ટેકસ ભરવો નહીં પડે

નવી દિલ્હી,તા. ૮:

સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સ (CBDT) દ્વારા પરિપત્ર જાહેર કરીને ૩૧ મે, ૨૦૨૪ પહેલા PAN અને આધાર કાર્ડ લિંક કર્યા પહેલા ડિડક્ટી અને કલેક્ટીના મૃત્યુ થવાના કિસ્સામાં TDS અને TCSનીજોગવાઈઓમાં મોટી રાહત આપી છે.

નાણા મંત્રાલયે કહ્યું હતું કે, 'ટેક્સ ભરનારા લોકોની સમસ્યાને ધ્યાનમાં રાખીને સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સ દ્વારા ૫ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ એક પરિપત્ર બહાર પાડ્યો છે. આ દરમિયાન, કરદાતાઓની સમસ્યાને ધ્યાનમાં રાખીને ૩૧ મે, ૨૦૨૪ પહેલા PAN અને આધાર કાર્ડ લિંક કરવાનો વિકલ્પ પૂરો થતા પહેલા ડિડક્ટી અને કલેક્ટીનું મોત નીપજયું હોય તેવા કિસ્સામાં પરિપત્રમાં જણાવ્યાં પ્રમાણે ૩૧ માર્ચ, ૨૦૨૪ સુધી કોઈપણ વ્યવહાર કરવામાં આવ્યા હોય તેમાં ડિડક્ટી અને કલેક્ટી પર ઈન્કમટેક્ષ એક્ટ 206AA/206CC હેઠળ ટેક્સ ડિડક્ટી કરવાની કોઈ જવાબદારી રહેશે નહીં.

## પશ્ચિમ બંગાળના ભૂતપૂર્વ મુખ્યમંત્રી બુધ્ધદેવ ભટ્ટાચાર્યનું નિધન

કોલકતા તા.૮

પશ્ચિમ બંગાળના પૂર્વ મુખ્યમંત્રી બુદ્ધદેવ ભટ્ટાચાર્યનું નિધન થયું છે. તેમણે કોલકાતામાં તેમના નિવાસસ્થાને અંતિમ શ્વાસ લીધા. તેઓ ૮૦ વર્ષના હતા. અને ઘણા સમયથી બિમાર હતા. બુધ્ધદેવ ભટ્ટાચાર્યએ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી પદે લાંબા સમય સુધી સેવા આપી હતી.


તુવેર બિયારણ

● તુવેર : GNP-1 (સાવજ) વધુ ઉત્પાદન આપતી
● તુવેર : BND-2 - વહેલી પાકતી
ના સર્ટીફાઈડ અને ફાઉન્ડેશન બિયારણ માટે મળો.

નોંધ : અડદ - સોયાબીનના બિયારણનું વહેચાણ ચાલુ છે.

હિન્દુસ્તાન એગ્રો સેન્ટર

મોતીબાગ ચોક, જૂનાગઢ. મો.૯૪૨૮૦ ૮૭૪૫૦

જૂનાગઢ ઓફીસ માટે માણસ જોઈએ છે

ધો.૧૨ પાસ બેઝીક અંગ્રેજી આવડતું હોવું જોઈએ (ઉ. ૨૨ થી ૩૨)

જૂનાગઢ : 63549 69729

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.






MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા

જોષી દાદા મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮

નક્ષત્ર – જ્યોતિષ

શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?

આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ

આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.

કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ


ફોન કરીને અવશ્ય આવવું

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત (કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. ૯૪૨૮૬ ૨૩૦૨૩

• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો




# પ્રાકૃતિક કૃષિ મહાઅભિયાનને વધુ વેગવાન બનાવવા રાજભવન ખાતે રાજ્યના કૃષિ તજજ્ઞો સાથે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ

## પ્રાકૃતિક ખેતી માટે મિશન મોડમાં ‘મિશનરી’ કાર્ય કરવાનું છે : રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી

## જમીનની ફળદ્રુપતા જાળવી રાખવા પ્રાકૃતિક ખેતી એક માત્ર ઉપાય છે : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

### કૃષિ વિભાગના તમામ પ્રભાગોના તમામ અધિકારીઓ પ્રાકૃતિક ખેતી માટે ખેડૂતોને પ્રશિક્ષિત કરવાના કામમાં જોડાશે : ગુજરાતમાં અત્યારે ૯,૭૧,૨૭૦ ખેડૂતો ૭,૯૨,૯૮૯ એકર જમીનમાં પ્રાકૃતિક ખેતી





(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૮

ગુજરાતના કૃષિ વિભાગના તમામ પ્રભાગોના તમામ અધિકારીઓ-કર્મચારીઓ પ્રાકૃતિક ખેતી માટે ખેડૂતોને પ્રશિક્ષિત કરવાના કામમાં જોડાશે. ગાંધીનગરમાં-રાજભવનમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલે કૃષિ વિભાગના તમામ અધિકારીઓને પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવાના મિશનમાં જોડાઈ જવા માર્ગદર્શન આપ્યું હતું. રાજભવનના મહર્ષિ દયાનંદ સભામંડપમાં રાજ્યના કૃષિ તજજ્ઞો સાથેના પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, આજે દેશમાં સૌથી વધુ જરૂરિયાત પ્રાકૃતિક ખેતીની છે. દેશ આઝાદ થયો ત્યારે અન્ન ઉત્પાદનમાં આત્મનિર્ભરતા કેળવવા તે વખતના કૃષિ વૈજ્ઞાનિકોએ એક હેક્ટર ભૂમિમાં ૧૩ કિલો નાઈટ્રોજનના છંટકાવની ભલામણ કરી હતી. આપણે એક એકરમાં ૧૩ થેલા ભરીને રાસાયણિક ખાતર ઠાલવીએ છીએ. યુરિયા, ડીએપી અને જંતુનાશક દવાઓનો ઉપયોગ જેમ જેમ વધ્યો છે, તેમ તેમ ગંભીર રોગોનું પ્રમાણ વધ્યું છે. રાસાયણિક ખાતરની માત્રા વધારવાથી ઉત્પાદનમાં વૃદ્ધિ થવાની નથી. જમીનની ફળદ્રુપતા વધારવી પડશે અને એ માત્ર અને માત્ર પ્રાકૃતિક ખેતીથી જ સંભવ છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, ગુજરાતમાં અત્યારે ૯,૭૧,૨૭૦ ખેડૂતો ૭,૯૨,૯૮૯ એકર જમીનમાં પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે. સૌના સહિયારા પ્રયત્નોથી આગામી એક જ વર્ષમાં ગુજરાતમાં વધુ ૧૦ લાખ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરતા થાય એ માટે મિશન મોડમાં ’મિશનરી’ કાર્ય કરવાનું છે. પ્રાકૃતિક ખેતી માટે ખેડૂતોને પ્રેરિત અને પ્રોત્સાહિત કરવા તાલીમ અનિવાર્ય છે. કૃષિ વિભાગના તમામ પ્રભાગોના તમામ અધિકારીઓ અને રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓના કૃષિ વૈજ્ઞાનિકો આ કામમાં સહયોગ આપે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ સૌ અધિકારીઓને પ્રાકૃતિક ખેતીનું વિસ્તૃત પ્રશિક્ષણ આપ્યું હતું. તેમણે એમ પણ કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ સમગ્ર દેશ પ્રાકૃતિક ખેતી વિશે જાણવા અને પ્રાકૃતિક ખેતી અપનાવવા તત્પર છે ત્યારે ગુજરાતે નેતૃત્વ કરવાનું છે. ઓગસ્ટના આરંભે રાષ્ટ્રપતિ ભવનમાં યોજાયેલા રાજ્યપાલોના સંમેલનમાં પણ પ્રાકૃતિક ખેતી ચર્ચાનો મુખ્ય મુદ્દો રહ્યો. એટલું જ નહીં, રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ પણ તમામ રાજ્યપાલોને પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા ગુજરાત મોડેલ અપનાવવાનો અનુરોધ કર્યો છે. તેમણે કહ્યું કે, આપણે આપણા બાળકોને બંજર જમીન આપીને જઈશું ? પ્રદૂષિત હવા અને પ્રદૂષિત પાણી આપીને જઈશું ? દરેક વ્યક્તિને ગંભીર બીમારી આપીને જઈશું? ખેડૂતોને દેવાના ડુંગર તળે ડુબાડીને જઈશું ? જો આ પરિસ્થિતિ બદલવી હશે, તો પ્રાકૃતિક ખેતી અપનાવ્યા વિના નહીં ચાલે. પ્રાકૃતિક ખેતી નામ એક છે પણ તે અનેક સમસ્યાઓનો ઉપાય છે. તેમણે કહ્યું કે, ખેડૂતો ધીમે ધીમે પ્રાકૃતિક ખેતી અપનાવી રહ્યા છે. પરિવર્તન આવશે, એ માટે અત્યારે પહેલ કરવી પડશે. તેમણે ખેડૂતોને પોતાની થોડી જમીનમાં પણ પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરવા અપીલ કરી છે. રાજ્યના કૃષિ તજજ્ઞોને સંબોધતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, પ્રાકૃતિક ખેતી એ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું મિશન છે અને ગુજરાત સરકારનું પણ મિશન છે. તેમણે કહ્યું કે, ગુજરાતનો પ્રત્યેક ખેડૂત રાસાયણિક ખેતી છોડીને પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવે એ આપણું લક્ષ્ય છે, આ માટે સૌના સહિયારા પ્રયાસો જરૂરી છે. તેમણે જણાવ્યું હતું કે, પ્રાકૃતિક ખેતી માટે મિશન મૉડ પર કામ કરવાની આવશ્યકતા છે. વૈજ્ઞાનિક સંશોધનોના પરિણામો અત્યંત પ્રોત્સાહક છે ત્યારે પ્રત્યેક ખેડૂત વહેલામાં વહેલી તકે પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવે એ સમયની માંગ છે. આજના સમયમાં જમીનની ફળદ્રુપતા ઘટી રહી છે. ભૂમિ બિન ઉપજાઉ બની રહી છે. પ્રાકૃતિક ખેતી વિના અન્ય કોઈ વિકલ્પ જમીનને બચાવી નહિ શકે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે કહ્યું કે, આજે ગામમાં ૨૪ કલાક વીજળી પહોંચે. એ કોઈએ ક્યારેય વિચાર્યું ન હતું પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો સંકલ્પ હતો કે, ગુજરાતમાં ગામે ગામ ૨૪ કલાક વીજળી પહોંચાડવી. એ સંકલ્પ વડાપ્રધાનએ પૂર્ણ કર્યો. હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો બીજો સંકલ્પ છે કે, પ્રાકૃતિક કૃષિનો વ્યાપ દેશમાં વધે, આ દિશામાં ભારત આજે આગળ વધી રહ્યું છે અને ગુજરાતમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની આગેવાનીમાં ગુજરાત પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે દેશમાં પ્રથમ સ્થાને રહ્યું છે. આવનારા સમયમાં રાજ્યપાલના નેતૃત્વમાં પ્રાકૃતિક ક્ષેત્રે ગુજરાત અન્ય રાજ્યો માટે મોડેલરૂપ સાબિત થશે તેવો મુખ્યમંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. રાજ્યના કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલે આ પરિસંવાદમાં સંવાદમાં બોલતાં જણાવ્યું હતું કે, પ્રાકૃતિક કૃષિ પદ્ધતિનો વ્યાપ વધારવા કૃષિ વિભાગ પરિણામલક્ષી પ્રયત્નો કરી રહ્યું છે. પ્રાકૃતિક ખેતી હેઠળનો વિસ્તાર વધી રહ્યો છે, પરિણામે ગત વર્ષે ગુજરાતમાં રાસાયણિક ખાતરના ઉપયોગમાં ઘટાડો થયો છે. આજે ગુજરાતમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના નેતૃત્વ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધી રહ્યો છે. રાજ્યમાં પરંપરાગત મેળાઓ, કૃષિ મેળાઓ અન્ય પ્રયત્નો થકી ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અંગે માહિતી આપવામાં આવી રહી છે. કેન્દ્રીય બજેટમાં દેશના ૧ કરોડ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી સાથે જોડવાનો કેન્દ્ર સરકારે નિર્ધાર કર્યો છે. ગુજરાતમાં પ્રાકૃતિક કૃષિના શિક્ષણ માટે દેશની પ્રથમ નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સીટી હાલોલ-પંચમહાલ ખાતે કાર્યરત છે. આવનારા સમયમાં વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવે તેવી આશા મંત્રીએ વ્યક્ત કરી હતી. પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં કૃષિ રાજ્ય મંત્રી બચુભાઈ ખાબડ, કૃષિ, સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગના સચિવ સંદીપ કુમાર, સંયુક્ત સચિવ પી. ડી. પલસાણા, રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓના કુલપતિઓ, કૃષિ સાથે સંલગ્ન પ્રભાગોના નિયામકો, કૃષિ વિભાગના અધિકારીઓ, આત્માના અધિકારીઓ, પશુપાલન વિભાગ અને બાગાયત વિભાગના અધિકારીઓ, કૃષિ વિજ્ઞાન કેન્દ્રના કૃષિ વૈજ્ઞાનિકો અને પ્રાકૃતિક કૃષિના જિલ્લા સંયોજકો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન વિશ્વવિદ્યાલયની એક વર્ષની કામગીરીના વાર્ષિક અહેવાલનું વિમોચન રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે કરવામાં આવ્યુંહતું. પરિસંવાદમાં કૃષિ તજજ્ઞો દ્વારા પોતાના પ્રાકૃતિક કૃષિ અંગેના અનુભવોની જાણકારી આપવામાં આવી હતી.

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપણા દેશના વૈવિધ્યસભર અને સમૃદ્ધ પરંપરાગત હસ્તકલા કારીગરી અને હાથશાળની વિરાસતને

# વિશ્વ સમક્ષ ઉજાગર કરવા દર વર્ષે ૭ ઓગસ્ટને રાષ્ટ્રીય હાથશાળ દિવસ-નેશનલ હેન્ડલુમ ડે તરીકે ઉજવવાની પ્રેરણા આપી

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૮

વડાપ્રધાનની આ પ્રેરણાથી ૨૦૧૫ના વર્ષથી દેશભરમાં ૭ ઓગસ્ટને નેશનલ હેન્ડલુમ ડે તરીકે મનાવવામાં આવે છે. ૧૦માં નેશનલ હેન્ડલુમ ડેની મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં ગાંધીનગર સ્થિત નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ ફેશન ટેકનોલોજી(NIFT) ખાતે ઉજવણી કરવામાં આવી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે NIFT દ્વારા આયોજિત હેન્ડલુમ એક્ઝિબિશનને ખુલ્લું મૂક્યું હતું. ગુજરાત સહિત દેશભરના રાજ્યોની વિવિધ હસ્તકલા કારીગરીની તેમજ હાથશાળની વસ્તુઓ અને ઉત્પાદનો અહીં પ્રદર્શિત કરવામાં આવ્યાં છે. એટલું જ નહિ, મુખ્યમંત્રીએ નિફ્ટ પરિસરમાં નવીનીકરણ પામેલા ત્રણ વિભાગો - ફેશન ડિઝાઈન ડિપાર્ટમેન્ટ, ફેશન એન્ડ લાઈફ સ્ટાઈલ એસેસરીઝ ડિપાર્ટમેન્ટ તથા માસ્ટર ઓફ ડિઝાઈન ડિપાર્ટમેન્ટના ઉદઘાટન કર્યા હતા. અત્રે નિર્દેશ કરવો જરૂરી છે કે ભારત હાથવણાટ, હાથશાળ ઉત્પાદનો અને હસ્તકલાનો સમૃદ્ધ વારસો અને ભવ્ય ઈતિહાસ પરંપરા ધરાવે છે. કૃષિ ક્ષેત્ર પછી આ હેન્ડલુમ-હાથ વણાટ ક્ષેત્ર રોજગારીનો મોટો સ્ત્રોત પણ છે. હાથ બનાવટના આવા ઉત્પાદનોમાં પર્યાવરણને નુકસાનકારક વાયુઓનું ઉત્સર્જન થતું નથી. તેમજ તેમાં રો-મટીરીટલ તરીકે કુદરતી સામગ્રીનો જ ઉપયોગ થાય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરના તેમના ‘મન કી બાત’ કાર્યક્રમમાં પણ હાથશાળના આવા દરેક રીતે સસ્ટેઈનેબલ અને એન્વાયરમેન્ટ ફ્રેન્ડલી ઉત્પાદનોને અને તેના ઉપયોગને વેગ આપવાનું દેશવાસીઓને આહવાન કર્યું છે. આ સંદર્ભમાં નિફ્ટ ખાતે ૧૦માં નેશનલ હેન્ડલૂમ ડેના અવસરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ખુલ્લું મુકાયેલું આ પ્રદર્શન એક યોગ્ય પ્લેટફોર્મ બની રહેશે. આ અવસરે ઉદ્યોગમંત્રી બલવંતસિંહ રાજપૂત, ધારાસભ્ય રીટાબહેન પટેલ, ગાંધીનગરના મેયર મીરાબહેન પટેલ, નિફ્ટના ડિરેક્ટર પ્રો. ડો. સમીર સૂદ, જોઈન્ટ ડિરેક્ટર પ્રો. ડો. પ્રણવ વોરા, વિવિધ ફેકલ્ટીઝના પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ભેસાણની સરકારી કોલેજમાં સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૮

તારીખ ૯-૮-૨૦૨૪ શુક્રવારના રોજ સરકારી વિનયન કોલેજ ભેસાણના સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવી હતી.આ કાર્યક્રમના કન્વીનર સમાજશાસ્ત્રના વિભાગીય અધ્યક્ષ ડો.પંકજ એમ. સોંદરવાએ વિશ્વ આદિવાસી દિવસનો પરિચય આપ્યો હતો. તેમજ સમાજશાસ્ત્ર વિષયના કો-ઓર્ડીનેટર ડો. સચિન પીઠડીયાએ પી.પી.ટીના માધ્યમથી આદિવાસી દિવસની શરૂઆત કેવી રીતે થઈ, વિવિધ મેળાઓ, ઉત્સવો, સંસ્કૃતિ, જીવનશૈલી વિશે સરકારની નવી શિક્ષણ નીતિ મુજબ સમાજશાસ્ત્રના અભ્યાસક્રમ વિશે વિદ્યાર્થીઓને પરિચિત કરવ્યા હતા. પી.પી.ટીના માધ્યમથી વિદ્યાર્થીઓને વિશ્વ આદિવાસી દિવસનું મહત્વ સમજાવ્યું હતું. આ કાર્યક્રમમાં ગ્રંથપાલ નીતિન જે. ગજેરા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતું. આમ આ સમગ્ર કાર્યક્રમમાં કોલેજના એફ. વાય,




એસ.વાય અને ટી. વાય સમાજશાસ્ત્રમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ભારતીય ઓલિમ્પિક ટીમના ડોક્ટરે વિનેશની ગેરલાયકાત પર કહ્યું

# ‘કાશ અમારી પાસે થોડા વધુ કલાકો હોત’

### ડૉ. દિનશા પારડીવાલાએ કહ્યું, ‘ગોલ્ડ મેડલ સ્પર્ધા પહેલા વિનેશ ફોગટનું વજન ૨ કિલોગ્રામ વધી ગયું હતું

નવી દિલ્હી, તા.૮

રેસલર વિનેશ ફોગાટને પેરિસ ઓલિમ્પિકમાંથી અયોગ્ય ઠેરવવા પર ભારતીય ઓલિમ્પિક ટીમના ચીફ મેડિકલ ઓફિસર ડૉ. દિનશા પારડીવાલાનું નિવેદન આવ્યું છે. તેણે વિનેશનું વજન ઘટાડવા માટે કેટલા પ્રયત્નો કર્યા અને તે પછી પણ તેનું વજન ૧૦૦ ગ્રામ પણ ઓછું ન થયું.ડૉ. દિનશા પારડીવાલાએ કહ્યું, ‘ગોલ્ડ મેડલ સ્પર્ધા પહેલા વિનેશ ફોગટનું વજન ૨ કિલોગ્રામ વધી ગયું હતું. તેનું વજન ઘટાડવા માટે ‘કઠોર પગલાં’ લેવામાં આવ્યા હતા. જો કે, સખત મહેનત કર્યા પછી પણ વિનેશ વધારાનું ૧૦૦ ગ્રામ વજન ઘટાડી શકી નથી. વિનેશ ફોગટના ન્યુટ્રિશનિસ્ટને પૂરી આશા હતી કે તેનું વધારાનું વજન એક સરળ પ્રક્રિયા દ્વારા ઘટાડી શકાય છે, પરંતુ ત્રણ સખત પ્રયાસો પછી પણ આ પ્રક્રિયા અસરકારક સાબિત થઈ ન હતી.ચીફ મેડિકલ ઓફિસરે કહ્યું, ‘ક્યારેક સ્પર્ધા પછી વજનમાં ઉછાળો આવે છે. વિનેશની ૩ મેચ હતી. તેથી, ડિહાઈડ્રેશનને રોકવા માટે, તેમને થોડી માત્રામાં પાણી આપવું પડ્યું. અમને ખબર પડી કે સ્પર્ધા બાદ તેનું વજન સામાન્ય કરતા વધારે વધી ગયું હતું. કોચે વજન ઘટાડવાની સામાન્ય પ્રક્રિયા શરૂ કરી, જે તેણે હંમેશા વિનેશ સાથે કરી. તેમનું માનવું હતું કે આનાથી વિનેશને વજન ઘટાડવામાં મદદ મળશે.ડૉ. પારડીવાલાએ કહ્યું, ‘જો વિનેશ ફોગટને તેનું વજન માપવા પહેલાં વધુ સમય આપવામાં આવ્યો હોત તો તે વજન ઘટાડવામાં સફળ થઈ શકી હોત. સેમિ-ફાઈનલ મેચ પછી, વિનેશનું વજન નિર્ધારિત મર્યાદા કરતાં ૨.૭ કિલો વધુ હતું, જેને ઘટાડવા માટે તાત્કાલિક પગલાં લેવાની જરૂર હતી. તમામ પ્રયત્નો પછી ૧૨ કલાકની સમય મર્યાદાને કારણે અમે છેલ્લા ૧૦૦ ગ્રામ વજનને ઘટાડવામાં અસમર્થ હતા. અંતે વજન માપવા પર જાણવા મળ્યું કે તે જરૂરી મર્યાદા કરતા થોડું વધારે હતું. જો તેણીને થોડા વધારાના કલાકો મળ્યા હોત, તો વિનેશે કદાચ વજન ઘટાડ્યું હોત, પરંતુ અવરોધોને કારણે તેણીને ગેરલાયક ઠેરવવામાં આવી હતી.તેણે આગળ કહ્યું, ‘સામાન્ય રીતે જ્યારે કોઈ વ્યક્તિનું વજન ઘટે છે, તો તે સામાન્ય રીતે ડિહાઈડ્રેશનને કારણે થાય છે. પરંતુ જ્યારે તમે પાણી પીઓ છો, ત્યારે તે તમારું વજન વધારે છે અને મેચ દરમિયાન તેણે થોડું પાણી પીવું જરૂરી છે કારણ કે તબીબી રીતે ભાગ લેવામાં સમસ્યા થશે. વજન ૭:૧૫ થી ૭:૩૦ સુધી માપવામાં આવે છે. અમે તેને છેલ્લા સંભવિત સમયે ૭:૨૯ વાગ્યે પૂર્ણ કર્યું. વિનેશનું વજન જરૂરી મર્યાદા કરતા ૧૦૦ ગ્રામ વધુ હતું. કદાચ જો અમારી પાસે થોડા વધુ કલાકો હોત, તો અમે તે ૧૦૦ ગ્રામ ઘટાડી શક્યા હોત.

## આદિત્યાણાના બ્રહ્મ સમાજના યુવા અગ્રણી અને વિદ્યાર્થી આગેવાન માધવ પંડિતનો આજે જન્મદિવસ



આદિત્યાણા તા.૮

આદિત્યાણા બ્રહ્મ સમાજના યુવા અગ્રણી અને વિદ્યાર્થી આગેવાન માધવ પ્રકાશભાઈ પંડિતનો આજે જન્મદિવસ છે. માધવ ૧૯ વર્ષ પુરા કરી ૨૦માં વર્ષમાં પ્રવેશશે. માધવ ડિપ્લોમા, સિવિલ એન્જીનીયરનો અભ્યાસ પુર્ણ કરી ગાંધીનગર ખાતો પંડિત દિનદયાલ ઉપાધ્યાય એજયુકેશન યુનિવર્સીટી ડીગ્રીમાં સિવિલ એન્જીનીયરનો અભ્યાસ કરી રહેલ છે તે અભ્યાસમાં હંમેશા ગુજરાત યુનિવર્સીટીમાં ટોપ થ્રીની અંદર સ્થાન જાળવેલ છે. માધવને હંમેશા પશુ-પક્ષીઓ પ્રત્યે લગાવ રહેલ છે. કોરોના કાળ વખતે ગાય માતાની સારવારમાં ખુબ જ ધ્યાન આપેલ તેમજ હંમેશા પશુ પક્ષીઓની સેવામાં તત્પર રહે છે. મિત્રો તેમજ આગેવાનો દ્વારા જન્મદિવસની શુભેચ્છા મો.નં.૭૦૪૧૦ ૯૯૬૯૯ ઉપર પાઠવી રહયા છે.

## કેશોદ નજીક મોટર સાયકલ પરથી પડી જતાં વૃધ્ધનું મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૮

કેશોદનાં શેરગઢ ગામે રહેતા વાલાભાઈ હીરાભાઈ છેલાવડા (ઉ.વ. ૬૫) તેનાં પુત્ર હરેશભાઈ વાલાભાઈ છેલાવડા સાથે મોટર સાયકલ નં. જીજે-૧૩-એલ ૧૬૧૬માં બેસીને દવા લેતા જતા હતા ત્યારે ખડખડીયા પાસે પહોંચતાં મોટર સાયકલનું ચેન પાછળનાં ટાયરમાં આવી જતાં મોટર સાયકલ રોડ પર પડી જતાં વાલાભાઈને માથામાં તથા છાતીમાં તથા જમણા પગમાં ઈજા થતાં સારવાર દરમ્યાન રાજકોટ ગોકુલ હોસ્પીટલમાં ૨૫ જુલાઈનાં રોજ મૃત્યું નિપજતાં કેશોદ પોલીસે તપાસ હાથ ધરી છે.

## કેશોદમાં પાણીમાં ડુબી જતાં આધેડનું મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૮

કેશોદનાં સરદારનગર ચુનાભઠ્ઠી રોડ ખાતે રહેતા વિજયભાઈ કાનાભાઈ બેવાસી (ઉ.વ. ૪૦) કેશોદ ચારચોકની બાજુમાં નવીન બનતા અંડરબ્રીજની દીવાલની બાજુમાં દુકાનના ઓટા પર સુતેલ હોય જે આકસ્મીક રીતે ઓટા પરથી પડી જતાં અંડરબ્રીજની દીવાલની બાજુમાં પાણી ભરેલ ખાડામાં પડી જતા દીવાલના બાંધકામ માટે ફીટ કરેલા લોખંડનાં સળીયા સાતથે અથડાતા શરીરે ગંભીર ઈજા થવાથી અથવા પાણીમાં ડુબી જવાથી મૃત્યું પામેલ છે. કેશોદ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## ખંભાળિયાના ગુલાબ નગર વિસ્તારમાં જૂનું બંધ મકાન ધરાશાયી : કોઈ જાનહાની નુકસાની નહીં

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૮

ખંભાળિયાના ગુલાબ નગર ટેકરી વિસ્તારમાં ગતરાત્રે એક જૂનું બંધ મકાન પડવા લાગતા આ અંગેની જાણ ફાયર વિભાગને કરવામાં આવતા ફાયર તથા નગરપાલિકા તંત્ર ઘટના સ્થળે દોડી ગયા હતા. જો કે અહીં કોઈ મોટી નુકસાની ન થયાનું કહેવાય છે. જાણવા મળતી વિગત મુજબ ખંભાળિયામાં ચાર રસ્તાથી કબ્રસ્તાન તરફના માર્ગે આવેલા ગુલાબ નગર ટેકરી વિસ્તારમાં એક જૂનું અને નળિયાવાળા જર્જરીત મકાનમાં નળિયા તથા અન્ય ભાગ પડ્યો હોવા અંગેની જાણ સ્થાનિક રહીશો નગરપાલિકા તથા ફાયર વિભાગને કરવામાં આવતા અને



અનુલક્ષીને નગરપાલિકાના હોદ્દેદારો તેમજ ફાયર સ્ટાફના જવાનો આ સ્થળે દોડી ગયા હતા. અહીં સર્ચ કરીને જોતા આ મકાનમાં કોઈ રહેતું ન હતું. પરંતુ જર્જરીત એવા આશરે ૮૦૦ થી ૧૦૦૦ ફૂટના તદ્દન કાચા બાંધકામના કારણે કેટલોક ભાગ જમીનદોસ્ત થયો હતો. આ બનાવમાં કોઈ પણ પ્રકારની જાનહાની થઈ ન હતી. આ બાબતને લઈને નગરપાલિકાના તત્કાલીન ઉપપ્રમુખ જગુભાઈ રાયચુરા, મોહિતભાઈ મોટાણી તેમજ ફાયર સ્ટાફના ઈરશાદ મંધરા, બ્રિજરાજસિંહ સરવૈયા, સુખદેવસિંહ વાઢેર વિગેરેએ આ સ્થળે દોડી જઈ અને પરિસ્થિતિ અંગે જરૂરી માહિતી મેળવી કામગીરી કરી હતી.

## દ્વારકામાં ગોમતીઘાટ ઉપર માછીમારી કરતાં શખ્સને ઝડપી લેવાયો

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૮

સુપ્રસિદ્ધ યાત્રાધામ દ્વારકાના પવિત્ર ગોમતી ઘાટમાં એક શખ્સ માછીમારી કરી રહ્યો હોવાની માહિતી દ્વારકા પોલીસને મળતાં આ અંગે સ્થાનિક પી.એસ.આઈ. આર.એચ. સુવા તથા સ્ટાફ દ્વારા તાકીદે ઘટના સ્થળે દોડી જઈ અને પવિત્ર ગોમતી નદીના ઘાટ ઉપર માછીમારી કરી રહેલા સુનિલભા ઉર્ફે સુનીયો લખમણભા સુમણિયા (ઉ.વ. ૧૯, રહે. ટીવી



સ્ટેશન પાસે)ને ઝડપી લઈ, જાહેરનામા ભંગ સહિતની જુદી જુદી કલમ હેઠળ કાર્યવાહી કરી હતી.

## જેતપુરનાં આધેડનું એટેકથી મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૮

જેતપુર ગામે રહેતા વિઠ્ઠલભાઈ કાંતીભાઈ પંચોલી (ઉ.વ. ૪૫) કેન્સરની બિમારીને કારણે સારવાર અર્થે કે.જે. કેન્સર હોસ્પીટલ ખાતે દાખલ થયેલ હોય જે બેભાન થઈ ગયેલ કે એટેક આવવાને કારણે મૃત્યું પામતાં જુના તાલુકા પોલીસે તપાસ હાથ ધરી છે.

## માંગરોળ-વેરાવળ હાઈવે પર ફોરવ્હીલે બાળકને હડફેટે લેતા ગંભીર ઈજા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૮

માંગરોળનાં આરેણા ગામે રહેતા નારણભાઈ કારાભાઈ કોડીયાતરે અજાણ્યા ફોરવ્હીલ ચાલક સામે માંગરોળ મરીન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં જણાવેલ છે કે માંગરોળ વેરાવળ હાઈવે રોડ પર ફરીયાદીનાં ભાઈનો દીકરો લવ (ઉ.વ. ૮) તેની માતા વેજીબેન સાથે ચાલીને ઘર તરફ જતાં હતાં ત્યારે રોડ ક્રોસ કરતાં અજાણ્યા ફોર વ્હીલ ચાલકે પોતાનુ વાહન પુરપાટ ઝડપે અને બેફીકરાઈથી ચલાવતા લવનો હડફેટે લઈ માથાના ભાગે ગંભીર ઈજા તથા શરીરે અન્ય નાની મોટી ઈજા પહોંચાડી અકસ્માત કરી નાશી ગયાની માંગરોળ મરીન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# નારી વંદન ઉત્સવ કાર્યક્રમ અંતર્ગત મહિલા કલ્યાણ દિવસની ઉજવણી કરાઈ



જૂનાગઢ, તા.૮

જૂનાગઢ જિલ્લા મહિલા અને બાળ અને ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડ ગાંધીનગર દ્વારા "નારી વંદન ઉત્સવ" અંતર્ગત મહિલા કલ્યાણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જૂનાગઢ સ્થિત ડૉ. બી.આર.આંબેડકર કન્યા છાત્રાલય ખાતે યોજવામાં આવેલા જિલ્લા મહિલા અને બાળ અધિકારી સી.જી સોજીત્રા, દહેજ પ્રતિબંધક સહ રક્ષણ અધિકારી બી.ડી ભાડ,મદદનીશ સમાજ કલ્યાણ અધિકારીશ્રી બેનાબેન, જિલ્લા રોજગાર કચેરીના કાઉન્સેલર વીણાબેન ઉપસ્થિત રહ્યા. આ કાર્યક્રમમાં દહેજ પ્રતિબંધક સહ રક્ષણ અધિકારીશ્રી બી.ડી ભાડે મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યુ હતુ. પ્રાસંગિક ઉદબોધન જિલ્લા મહિલા અને બાળ અધિકારી શ્રી સી.જી સોજીત્રાએ કર્યુ હતું. રોજગાર અધિકારીશ્રી વીણાબેને મહિલાઓને સ્વરોજગાર વિશે માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતું. સખી વન સ્ટોપ સેન્ટર અને પીબીએસએસીના કર્મચારીઓ દ્વારા મહિલાલક્ષી વિવિધ યોજનાઓની વિગતો આપવામાં આવી.કાર્યક્રમમાં મહિલાલક્ષી વિવિધ યોજનાઓની, મહિલા સ્વાવલંબી અને પગભર બને તેને અનુરૂપ વિગતો આપવામાં આવી. જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી, દહેજ પ્રતિબંધક સહ રક્ષણ અધિકારીશ્રી, જિલ્લા મહિલા અને બાળ કચેરી, DHEW અને ૧૮૧ના કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.ડૉ. બી.આર.આંબેડકર કન્યા છાત્રાલયના મદદનીશ સમાજકલ્યાણ અધિકારીએ આભારવિધિ હતી.

# અતિભારે વરસાદથી જમીન ધોવાણ અને પાક નુકશાનીના સર્વે માટે જૂનાગઢ જીલ્લા સર્વે ટીમનો સંપર્ક કરવો

## જમીન ધોવાણ અને પાક નુકશાનીનાસર્વે માટે ખેડૂતોના સૂચન આવકાર્ય


જૂનાગઢ, તા.૮

જૂનાગઢ જિલ્લામાં જુલાઈ અને ઓગસ્ટ માસમાં થયેલ અતિભારે વરસાદથી નદીઓમાં પૂર આવવાથી પાક નુકશાની અને જમીન ધોવાણ થયા અંગે નુકશાનીનો સર્વે કરવામાં આવશે. જૂનાગઢ જિલ્લાના તમામ તાલુકામાં થયેલ નુકશાનીના સર્વેની કામગીરી જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવી રહી છે. નુકશાની થઈ હોય તેવા ખેડૂતોને તેમના ખેતરમાં પાક નુકશાની કે જમીન ધોવાણ થયાનું ધ્યાને આવે તો સર્વે ટીમનો તાત્કાલિક સંપર્ક કરી, સંબંધિત ખેતરનો સર્વે કરાવવા માટે જણાવી શકે છે. આથી આ કામગીરી માટે સર્વે ટીમને જરૂરી સહકાર આપવા અનુરોધ છે. વધુમાં આ અંગે ખેડૂતોએ તેમના સૂચન મોબાઈલ નં.૯૪૦૮૧ ૬૮૮૦૧ પર સંપર્ક કરી આપવાના રહેશે. આ અંગેની વધુ વિગતો માટે સંબંધિત જે-તે વિસ્તારના ગ્રામ સેવક, વિસ્તરણ અધિકારી, ખેતી અધિકારી, તાલુકા અમલીકરણ અધિકારી, મદદનીશ ખેતી નિયામક, જિલ્લા ખેતીવાડી અધિકારીનો સંપર્ક કરવો, તેમ જૂનાગઢ જિલ્લા ખેતીવાડી અધિકારીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

# ખંભાળિયાની લોહાણા બોર્ડિંગની જૂની ઈમારતનું રીનોવેશન કરાયું

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૮



ખંભાળિયા શહેરની મધ્યમાં આવેલા પોર ગેઈટ વિસ્તાર નજીક આશરે અડધી સદી જૂનું લોહાણા વિદ્યાર્થી ભવન - લોહાણા બોર્ડિંગ આવેલી છે. દાયકાઓ જુના આ આ ભવ્ય લોહાણા બોર્ડિંગમાં અગાઉ અનેક વિદ્યાર્થીઓ વિનામૂલ્યે અભ્યાસ કરીને પોતાની કારકિર્દી બનાવી ચૂક્યા છે. હાલ અહીં સંસ્કાર એજ્યુકેશન ટ્રસ્ટની શૈક્ષણિક પાંખ દ્વારા વિદ્યાર્થીઓને ઉચ્ચ કક્ષાનું શિક્ષણ આપવામાં આવે છે. લોહાણા વિદ્યાર્થી ભવનની એક તરફની એલ આકારની વિંગમાં રીનોવેશન કામ અનિવાર્ય હોય, અહીં વર્ષો જૂના નળિયા, વંજી અને વરમ કાઢીને આ જગ્યાએ પાવડર કોટેડ જિંદાલ મેટલ સીટનું રૂફિંગ કરવામાં આવ્યું છે. જેથી આ બોર્ડિંગનો જાજરમાન લુક જોવા મળે છે. આગામી દિવસોમાં હજુ કલર કામ સહિતની કામગીરી અહીં કરવામાં આવશે. આ કાર્ય બદલ લોહાણા વિદ્યાર્થી ભવનના મુંબઈ સ્થિત પ્રમુખ, ટ્રસ્ટીઓ અને ખંભાળિયા સ્થિત પ્રમુખ-સભ્યોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે.

# સરકાર દ્વારા ટેકાના ભાવે કપાસ ખરીદી પ્રક્રિયા શરૂ થશે

જૂનાગઢ, તા.૮

સરકાર દ્વારા સીઝન ૨૦૨૪-૨૦૨૫ માટે ટેકાના ભાવે કપાસ ખરીદી પ્રક્રિયા શરૂ થશે. આ અંગે કપાસ વેચાણકર્તા ખેડૂતોના રજિસ્ટ્રેશનની પ્રક્રિયા એપીએમસી ખાતે તા.૧ સપ્ટેમ્બર, ૨૦૨૪થી શરૂ થશે. કપાસ ઉત્પાદન અને ટેકાના ભાવે વેચાણકર્તા ખેડૂતોને આ નોંધણી કરાવવા અને ટેકાના ભાવની આ ખરીદીનો લાભ લેવા, જૂનાગઢ જિલ્લા ખેતીવાડી અધિકારીએ એક અખબારી યાદીમાં અનુરોધ કર્યો છે.

# જૂનાગઢ જીલ્લામાં તા.૮ ઓગસ્ટથી હર ઘર તિરંગા રાષ્ટ્રીય સપ્તાહ ઉજવણીનો પ્રારંભ થશે

**જૂનાગઢ શહેરમાં તા.૧૪ ઓગસ્ટના રોજ તિરંગા યાત્રાનું આયોજન : સાધુ, સંતો, પદાધિકારીઓ, વિદ્યાર્થીઓ,પોલીસ જવાનો સહિત મહાનુભાવો જોડાશે : ગુરૂ દત્તાત્રેય શિખર અને અંબાજી ખાતે પણ રમતવીરો રાષ્ટ્રધ્વજને લહેરાવશે**

## જીલ્લા કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાના અધ્યક્ષસ્થાને હર ઘર તિરંગા રાષ્ટ્રીય સપ્તાહ ઉજવણી સંદર્ભે બેઠક યોજાઈ




જૂનાગઢ, તા.૮

રાષ્ટ્રીય પર્વ - સ્વાતંત્ર્ય પર્વ - ૧૫ ઓગસ્ટ પૂર્વે હર ઘર તિરંગા રાષ્ટ્રીય સપ્તાહની ઉજવણી થશે. આ સમગ્ર સપ્તાહ દરમિયાન રાષ્ટ્રભાવનાને ઉજાગર કરતા વિવિધ કાર્યક્રમો યોજાશે. કાર્યક્રમોના આયોજન અર્થે જૂનાગઢ જિલ્લા કલેકટર કચેરી ખાતે જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી. જિલ્લા કલેકટરે હર ઘર તિરંગા અભિયાનના સુચારુ આયોજન માટે જરુરી સૂચનાઓ અને દિશાદર્શન કર્યુ હતુ. તેમણે રાષ્ટ્રધ્વજની ગરિમા જળવાઈ રહે તેની ખાસ કાળજી લેવા માટે પણ સૂચનાઓ આપી હતી. સ્વાતંત્ર્ય દિન પૂર્વે તા.૧૪ ઓગસ્ટ, ૨૦૨૪ને બુધવારના રોજ સાંજે ૫ કલાકે જૂનાગઢ સ્થિત બહાઉદ્દીન કોલેજ ખાતેથી જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી તિરંગા યાત્રા નીકળશે.સાધુ સંતો, પદાધિકારીશ્રીઓ, વિદ્યાર્થીઓ, પોલીસ જવાનો, રમતવીરો વિવિધ એસોસિએશન ઉત્સાહભેર જોડાશે. આ તિરંગા યાત્રાની સાથે વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કૃતિઓ રજૂ થશે. તિરંગા યાત્રા પૂર્ણ થયા બાદ સાંજના જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના સરદાર પટેલ સભા ગૃહ ખાતે દેશભક્તિસભર સંગીત કાર્યક્રમ યોજવામાં આવશે. ગરવા ગિરનાર ઉપર ગુરૂ દત્તાત્રેય શિખર અને અંબાજી ખાતે પણ રમતવીરોની એક ખાસ ટીમ રાષ્ટ્રધ્વજને લહેરાવશે. ઉપરકોટ, માંગરોળ બંદર, સરકારી કચેરીઓ સહિતના સ્થળોએ રાષ્ટ્રધ્વજને લહેરાવવામાં આવશે. હર ઘર તિરંગા રાષ્ટ્રીય સપ્તાહ અંતર્ગત તા.૮, તા.૯ અને તા.૧૦ ઓગસ્ટના રોજ શાળાઓમાં ચિત્ર, રંગોળી, નિબંધ વેશભૂષા વગેરે સ્પર્ધાઓ અને કાર્યક્રમો યોજાશે. આ બેઠકમાં કમિશ્નર ઓમ પ્રકાશ, જિલ્લા વિકાસ અધિકારી નીતિન સાંગવાન, નિવાસી અધિક કલેકટર એન.એફ. ચૌધરી, પ્રાંત અધિકારી ચરણસિંહ ગોહિલ, ડેપ્યુટી કમિશ્નર અજય ઝાપડા સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વૃક્ષારોપણમાં રાષ્ટ્રીય સ્તરે ગુજરાતે નવો કીર્તિમાન સ્થાપ્યો

**'એક પેડ મા કે નામ' અભિયાનમાં અત્યાર સુધીમાં ગુજરાત ૭.૧૫ કરોડથી વધુ વૃક્ષારોપણ સાથે દેશમાં બીજા ક્રમે : વન મંત્રી મુળુભાઈ બેરા**

ગાંધીનગર, તા.૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા 'વિશ્વ પર્યાવરણ દિવસ' તા. ૫ જૂન નિમિતે શરૂ કરાયેલું રાષ્ટ્રવ્યાપી 'એક પેડ મા કે નામ' અભિયાન આજે સાચા અર્થમાં ગુજરાત સહિત દેશના રાજ્યો-કેન્દ્ર શાસિત પ્રદેશમાં 'જન અભિયાન' પ્રસ્થાપિત થઈ રહ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં આ અભિયાન અંતર્ગત ગુજરાતે સમગ્ર દેશમાં તા. ૬ ઓગસ્ટ ૨૦૨૪ની સ્થિતિએ બીજા નંબરે સૌથી વધુ ૭.૧૫ કરોડથી વધુ વૃક્ષારોપણ કરી રાજ્યમાં ગ્રીન કવરમાં વધારો કરવા નવો કીર્તિમાન સ્થાપ્યો છે. જ્યારે વસ્તી-વિસ્તારના સાપેક્ષમાં ઉત્તરપ્રદેશ ૮.૮૮ કરોડ વૃક્ષારોપણ સાથે દેશમાં પ્રથમ ક્રમે છે.

આ સાથે 'એક પેડ મા કે નામ' અભિયાન હેઠળ આજ સુધીમાં દેશના ૩૭ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં મળીને કુલ ૨૯.૩૭ કરોડથી વધુ વૃક્ષો વાવીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં વૈશ્વિક સ્તરે પર્યાવરણ ક્ષેત્રે ભારતે નવો રેકોર્ડ સ્થાપ્યો છે તેમ, વન અને પર્યાવરણ મંત્રીશ્રી મુળુભાઈ બેરા 'એક પેડ મા કે નામ' અભિયાન વિશે વિગતો આપતા જણાવ્યું હતું.

વન મંત્રી મુળુભાઈ બેરાએ કહ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાનના પર્યાવરણલક્ષી 'એક પેડ મા કે નામ' અભિયાનનો ગુજરાતમાં સૌ પ્રથમ ગાંધીનગરથી પોતાના માતાના નામે એક વૃક્ષ વાવીને પ્રારંભ કરાવ્યો હતો. આ અભિયાનમાં સહભાગી થઈને ગુજરાતના મંત્રી મંડળના સભ્યો, ધારાસભ્યો, સાંસદ સભ્યો, પદાધિકારીઓ, અધિકારીઓ, શૈક્ષણિક-સ્વૈચ્છિક સંસ્થાઓ અને પર્યાવરણ પ્રેમી નાગરિકોએ પોતાની માતાની યાદમાં એક વૃક્ષ વાવીને તેને ઉછેરવાની કાળજી લઈ રહ્યા છે. આ જન અભિયાનના પરિણામ સ્વરૂપે ગુજરાત ઉત્તરપ્રદેશ બાદ સમગ્ર દેશમાં બીજા ક્રમે છે પરંતુ વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ ઉત્તરપ્રદેશ દેશમાં સૌથી વધુ અંદાજે ૧૯.૯૮ કરોડની વસ્તી ઉપરાંત ૨,૪૦,૯૨૮ ચોરસ કિલોમીટર ક્ષેત્રફળ ધરાવતું રાજ્ય છે. જેની તુલનામાં ગુજરાત અંદાજે ૬ કરોડની વસ્તી તેમજ ૧,૯૬,૦૨૪ ચોરસ કિલોમીટર ક્ષેત્રફળ ધરાવે છે તે જોતા ગુજરાત વૃક્ષારોપણમાં દેશમાં અગ્રેસર છે તેમ કહી શકાય. આ સિદ્ધિ સૌ પર્યાવરણ પ્રેમી ગુજરાતીઓને આભારી છે તેમ, જણાવી મંત્રીશ્રીએ આ અભિયાનમાં વધુમાં વધુ નાગરિકોને સહભાગી થવા આહ્વાન કર્યું હતું. વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી મુકેશભાઈ પટેલે આ અભિયાન હેઠળ વિવિધ જિલ્લાઓમાં ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં થયેલા વૃક્ષારોપણની વિગતો આપતાં કહ્યું કે, તા. ૬ ઓગસ્ટ ૨૦૨૪ની સ્થિતિએ ગ્રામીણ વિસ્તારમાં ૫૭.૨૬ લાખ જ્યારે શહેરી વિસ્તારમાં ૧ લાખ એમ સૌથી વધુ કુલ ૫૮.૨૯ લાખ વૃક્ષારોપણ સાથે સુરત જિલ્લો રાજ્યમાં અવ્વલ નંબર પર છે. આ સિવાય વૃક્ષારોપણમાં અનુક્રમે ભરૂચ જિલ્લામાં ૪૩.૩૩ લાખ, બનાસકાંઠામાં ૪૩.૩૩ લાખ, કચ્છમાં ૪૨.૮૮ લાખ, તાપીમાં ૩૯.૮૩ લાખ, પંચમહાલમાં ૩૪.૨૭ લાખ, મહીસાગરમાં ૩૩.૧૦ લાખ, નર્મદામાં ૩૦.૧૫ લાખ, વલસાડમાં ૩૧.૦૧ લાખ તેમજ ડાંગ જિલ્લામાં ૨૯.૩૭ લાખ એમ કુલ ૩૩ જિલ્લામાં ગ્રામીણ અને શહેરી વિસ્તાર મળીને કુલ ૭.૧૫ કરોડથી વધુ વૃક્ષો 'એક પેડ મા કે નામ' અભિયાનમાં વાવવામાં આવ્યા છે.૨ વન વિભાગના સહયોગથી શહેરી અને ગ્રામીણ વિસ્તારમાં મોટી સંખ્યામાં ગ્રામ પંચાયતો, શૈક્ષણિક-સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ વૃક્ષ પ્રેમી નાગરિકો સ્વયંભૂ સહભાગી થઈને પોતાની માતાની યાદમાં પસંદગીનું વૃક્ષ વાવીને ગુજરાતમાં જન ભાગીદારી થકી ગ્રીન કવરમાં વધારો કરવા પોતાનું અમુલ્ય પ્રદાન આપી રહ્યા છે તેમ, મંત્રી મુકેશભાઈએ ઉમેર્યું હતું.

# તાલુકા કક્ષાનાં રમતોત્સવમાં પ્રશ્નાવડા હાઈસ્કુલનો દબદબો

(જાદવ ભોળા દ્વારા) લોઢવા, તા. ૮



શરદ શિયાળુ રમતોત્સવ ૨૦૨૪-૨૫નું તાલુકા કક્ષાનું આયોજન સુત્રાપાડા ખાતે શ્રી વિવેકાનંદ વિનય મંદિરમાં થયું હતું જેમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા પ્રશ્નાવડાના વિદ્યાર્થીઓ ભાગ લીધો હતો જેમાં કબડી અંડર ૧૭ માં બહેનો તાલુકા કક્ષાએ પ્રથમ તથા ભાઈઓ અંડર ૧૭ માં પ્રથમ તથા અંડર ૧૯માં પ્રથમ નંબરે આવેલ છે. એથલેટીક્સ સ્પર્ધા માં ૧૦૦ મીટર દોડ ભાઈઓમાં ગૌસ્વામી આઝાદ પ્રથમ આવેલ છે અને બહેનોમાં ગોળા ફેંકમાં જાદવ હાર્દિકા પ્રથમ નંબરે ,૧૦૦ મીટર દોડમાં જાદવ કીર્તિ તથા લાંબી કુદમાં જાદવ કીર્તિ પ્રથમ નંબરે આવી શાળાનું નામ રોશન કરેલ છે શાળા પરિવાર વતી વ્યાયામ શિક્ષક શ્રી ઝાલા તથા તમામ ભાગ લેનાર વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# રાજકોટની મહિલા સંસ્થાઓ દ્વારા વિનામૂલ્યે મેડિકલ કેમ્પ યોજાયો






(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૮

રાજકોટની જાણીતી મહિલા સેવા સંસ્થા રઘુવંશી મૈત્રી મહિલા મંડળ અને ફેમિના કલબ દ્વારા પ્લેકસસ હોસ્પિટલના સહયોગથી વિનામૂલ્યે મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડો. નિકુંજ કોટેચા, ડો. ગૌતમ જોબનપુત્રા, ડો. કુશલ ઝાલા, ડો. કૃપાલી ભાયાણી અને ડો. ખેવના ધામેચા વિગેરે દ્વારા બીપી, સુગર, હાડકા અને હૃદયની તપાસ કરવામાં આવી હતી. આ મેડિકલ કેમ્પમાં બંને સંસ્થાઓના આશરે ૭૫ સભ્યોને તપાસી, જરૂરી સારવાર આપવામાં આવી હતી. આટલું જ નહીં, તમામ સભ્યોને સંજીવની કીટ પણ વિનામૂલ્યે આપવામાં આવી હતી. આ મેડિકલ કેમ્પમાં રાજકોટ ભાજપના ઉપપ્રમુખ કાશ્મીરાબેન નથવાણી અને હોસ્પિટલના એમ.ડી. ડો. અમિત રાજ દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે શિવસેના પ્રમુખ જીમીભાઈ અડવાણી, રઘુવંશી અગ્રણી અશોકભાઈ હિન્ડોચા, બિમલભાઈ પોપટ, જયદીપભાઈ, રાજુભાઈ પૂજારા, રાજુભાઈ કોટેચા, અંશ પોપટ સાથે વિવિધ સંસ્થાઓના પ્રેસિડેન્ટ મીનાબેન જસાણી, બિન્દિયાબેન અમલાણી, રોનકબેન પારેખ, વિધિબેન રાવલ વિગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ કેમ્પને સફળ બનાવવા બંને કલબ પ્રેસિડેન્ટ કમલાબેન ભાગ્યોદય અને હીનાબેન પોપટ, કમિટી મેમ્બર્સ કરુણાબેન સોમૈયા, કલ્પનાબેન પોપટ, હેતલબેન સેજપાલ અને પલેકસસના રવિભાઈ રાઠોડએ નોંધપાત્ર જહેમત ઉઠાવી હતી.


# ખંભાળિયાની વાયા સ્કુલના વિદ્યાર્થીઓ ખો-ખો રમતમાં જીલ્લામાં પ્રથમ ક્રમે



(પ્રતિનિધિ દ્વારા) જામ ખંભાળિયા, તા.૮

ખંભાળિયાની જૂની અને જાણીતી શૈક્ષણિક સંસ્થા શ્રી સંસ્કાર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શેઠ મગનલાલ ઓધવજી વાયા બોયસ હાયર સેકન્ડરી સ્કૂલ ઓફ કોમર્સના વિદ્યાર્થીઓએ તાજેતરમાં યોજાઈ ગયેલી સ્કૂલ ગેમ ખો-ખોમાં જિલ્લામાં પ્રથમ ક્રમ હાંસલ કર્યો છે. હવે આગામી દિવસોમાં આ ટીમ રાજ્ય કક્ષાએ રમવા જશે.

# શ્રાવણમાસે શિવભક્તિ સર્વસંકલ્પોને સિદ્ધ કરે છે



શ્રાવણમાસ શરૂ થયો એટલે ભગવાનનો અભિષેક, કથા - વાર્તા - ધૂન - ભજન - કીર્તન - ભક્તિ, અર્ચના - પૂજા - મહાપુજા, ઉપાસના, શણગાર, જાત જાતની વનૌષધિઓથી અભિષેક, વિવિધ પ્રકારના ફૂલોથી અભિષેક વગેરે સત્કાર્યોથી મંદિરો અને શિવાલયો ધમધમતા થઈ જાય છે. અને આવા શુભકાર્યોથી ધાર્મિક વાતાવરણની ધૂણી ધખાવાય છે. જે સત્કાર્યોથી ભગવાનના ભક્તોની ભક્તિ અને ઉપાસનાની પરાકાષ્ઠા સિદ્ધ થાય છે. શ્રાવણમાસ એટલે ભક્તિરસમાં ભીના થવાની મોસમ, શ્રાવણમાસ એટલે પોતાની વિશુદ્ધ ભક્તિ દ્વારા પરમપિતા પરમાત્માને રીઝવવાનો માસ, શ્રાવણમાસ એટલે ભક્તિયોગનો પવિત્ર મહીનો, આપણા જીવને શિવ સાથે રસઐક્ય કરવાનો સમય, શિવ ત્રિનેત્રધારી છે, જટાશંકર છે, ભસ્માંગ સુંદર છે. એને જોઈએ તો વૈરાગ્ય ન આવે તો જ નવાઈ પણ હા ! એને જોઈને આપણે પણ બ્રહ્માંડનો એક અંશ છીએ એની અનુભૂતિ ચોક્કસ થાય અને આપણા જીવમાં શિવ ઉમેરાય. ખાસ કરીને આ માસ દેવાધિદેવ ભોળાનાથની આરાધના અને ઉપાસનાની વિશેષતા ધરાવે છે. ભવાની શંકરોવંદે શ્રદ્ધા વિશ્વાસ રૂપિણો અર્થાત્ મૈયા પાર્વતીજી શ્રદ્ધા સ્વરૂપ અને ભગવાન ભોળાનાથ વિશ્વાસ છે. શ્રદ્ધા અને વિશ્વાસ ભક્તિમાર્ગના સોપાન પણ ગણાય છે. જેના વિનાની ભક્તિ કદી ફળીભૂત થતી નથી. બ્રહ્મા, વિષ્ણુ મહેશમાં ત્રીજા ક્રમે ઉચ્ચારાતું જેનું નામ છે તેઓને બિલ્વપત્ર અતિપ્રિય છે. ભગવાન સહજાનંદ સ્વામીએ પણ શિક્ષાપત્રીમાં પોતાના ભક્તોને શ્રી મહાદેવજીની પૂજા કરવાની આજ્ઞા કરી છે કે, કર્તવ્યં કારણીયં વા શ્રાવણે માસિસર્વથા, બિલ્વપત્રાદિભિઃ શ્રીમહાદેવપૂજનમ્ અર્થાત્ શ્રાવણમાસમાં દેવો કે દેવ શ્રીમહાદેવજીનું પૂજન બિલ્વપત્ર વડે કરીને શ્રદ્ધા, પ્રેમ અને ભાવ સાથે સર્વપ્રકારે પોતે કરવું અથવા બીજા પાસે કરાવવું. આવા આશુતોષ અંતર્યામીની ઘરમાં તથા શિવાલયોમાં પંચોપચાર તથા ષોડશોપચાર પૂજા - મહાપુજા, અર્ચા - પૂજા ખૂબ ધામધૂમપૂર્વક થાય છે. ગુજરાત રાજ્યની સોરઠની ધરા પર સ્થિત ગરવા ગિરનારની ગોદમાં આવેલા જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરમાં ભગવાન સ્વામિનારાયણે આજથી ૨૦૦ વર્ષ પહેલાં ભગવાન સિદ્ધેશ્વર મહાદેવની, મૈયા પાર્વતીજી સાથે સ્થાપના કરી અને કહ્યું કે, આ સિદ્ધેશ્વર ભોળાનાથ ભગવાનની કોઈ શ્રદ્ધાળુ ભક્ત શ્રદ્ધાથી પૂજા - પાઠ, ભક્તિ, અભિષેક કરી અને માનતા રાખશે તો તેના સર્વ સંકલ્પો સિદ્ધેશ્વર દાદા અચુક સિદ્ધ કરશે. આજની તારીખે પણ સર્વ સંકલ્પો સત્ય થાય છે. ભાવનાના ભૂખ્યા એવા ભગવાન ભોળાનાથને કોઈપણ માણસ હૃદયના ભાવથી અભિષેક કરે, બિલ્વપત્ર અને પુષ્પ અર્પણ કરે તો પણ ભગવાન શિવજી પોતાના ભક્તો ઉપર અઢળક પ્રસન્ન થાય છે. આ પવિત્ર માસમાં હરતા ફરતા ૐ નમઃ શિવાય મહામંત્રનો હૈયે હોઠે જાપ કરીને ભગવાન શિવજીને રાજી કરી લઈએ એ જ આપણા જીવનની સાચી સાર્થકતા છે. બધા જ દેવોમાં ત્વરીત પ્રસન્ન થનારા જો કોઈ દેવ હોય તો તે છે દેવો કે દેવ મહાદેવ.

**આલેખન :- શાસ્ત્રી જયસ્વરુપદાસ**
**ગુરૂકુલ, અંકલેશ્વર**

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# અગ્નિવીર યોજના બાબતે વિપક્ષનો દુષ્પ્રચાર

અગ્નિવીર યોજનાના પક્ષ અને વિપક્ષમાં અત્યાર સુધી ઘણું લખાયું, ત્યાં સુધી કે વિશેષજ્ઞો પણ આ બાબતે ભ્રમિત છે. નકારાત્મક વાતો સકારાત્મક વાતો કરતાં વધુ ફેલાય છે, કેટલાક રાજકીય પક્ષો તેને ખોટી રીતે રજૂ કરે છે, જેથી જનતાને સત્તાધારી વ્યવસ્થા વિરુદ્ધ ભડકાવી શકાય. સંખ્યાની દૃષ્ટિએ આપણી સેના સૌથી મોટી સેનાઓમાં એક છે. જૂની ભરતી પ્રણાલીમાં સેનાની ભરતી શાખા ભરતી કાર્યાલય (બીઆરઓ) દ્વારા કરાતી હતી, જ્યાં આવેદકોની પસંદગી કેટલાક ખાસ માપદંડોના આધાર પર કરવામાં આવતી હતી. મોટાભાગે ઊંચાઈ, વજન, છાતીનું માપ વગેરેના આધાર પર સ્ક્રીનિંગ થતું હતું. ત્યારબાદ શારીરિક ફિટનેસની તપાસ થતી હતી, જેમાં દોડવું, પુલઅપ અને સંતુલન અભ્યાસ સામેલ હતા. તેમાં પસંદગી પામેલા ઉમેદવારોએ એક લેખિત પરીક્ષા આપવાની રહેતી. મોટાભાગના સૈનિકો (પાયદળ અને અન્ય) માટે પરીક્ષા બહુ કઠિન નથી હોતી. પસંદગી બાદ જવાનોને સંબંધિત શાખા કેન્દ્રોમાં પ્રશિક્ષણ માટે મોકલવામાં આવતા હતા અને પ્રશિક્ષણની અવધિ તેના ટ્રેડની જરૂરિયાત અનુસાર રહેતી હતી. ત્યાં સુધી કે એક ડ્રાઈવરને પણ લાંબા સમય સુધી પ્રશિક્ષણ આપવામાં આવતું હતું, જેની વાસ્તવમાં જરૂરિયાત ન હતી.

અગ્નિવીર યોજના વિશે કહેવાય છે કે તેના વિશે સશસ્ત્ર દળોની સલાહ નહોતી લેવાઈ. એટલે કે રાજકીય નેતૃત્વ દ્વારા આ યોજનાને રક્ષા દળો પર થોપવામાં આવી. જ્યારે વરિષ્ઠ સેવાનિવૃત્ત સૈન્ય અધિકારી લેફ્ટનન્ટ જનરલ રાજ શુક્લાનું કહેવું છે કે સેના પ્રશિક્ષણ કમાન (એઆરટીઆરએસી)ના સેના કમાન્ડર રૂપે તેને લાગુ થતાં પહેલાં આ યોજના પર વિસ્તારથી ચર્ચા કરી હતી. તેમણે કહ્યું કે દુનિયામાં કોઈપણ અન્ય સેનાએ પોતાના સૈનિકોને ર ૩ અઠવાડિયાંથી વધુ સમય સુધી પ્રશિક્ષિત નથી કર્યા અને અગ્નિવીરને છ મહિના એટલે કે ૨૪ અઠવાડિયા સુધી પ્રશિક્ષિત કરવામાં આવ્યા છે. શું આપણે પ્રશિક્ષણમાં ત્રણ વર્ષ બરબાદ કરવાની જરૂર છે? તમે હંમેશાં સમય સીમાને યોગ્ય વિશ્વ માપદંડ સુધી સીમિત કરી શકો છો. આપણે પ્રશિક્ષણની ગુણવત્તા અને કઠોરતા પર ધ્યાન આપવું જોઈએ, નહિ કે તેની અવધિ પર.

કોઈ વ્યક્તિ માટે પહેલી નોકરીની શોધ સૌથી મોટો પડકાર હોય છે. દરેક નિયોક્તા અનુભવનું પ્રમાણપત્ર માગે છે. એટલે નોકરી ઈચ્છનારો વ્યક્તિ અસમંજસમાં ફસાઈ જાય છે, કારણ કે નોકરી વિના કામનો અનુભવ નથી થઈ શકતો અને અનુભવ વિના નોકરી નથી મળી શકતી. અગ્નિવીર યોજનાનો સૌથી મોટો લાભ છે 'કાર્ય અનુભવ'. એક શાનદાર કાર્ય અનુભવ અને સૈન્ય નૈતિકતાથી પરિચય, જેને રૂપિયામાં ન માપી શકાય. આ 'શીખતાં શીખતાં કમાવા'ની એક રીત છે. દાખલા તરીકે આ વખતના બજેટમાં ઈન્ટર્નશિપ યોજનાની ઘોષણા કરવામાં આવી છે. એક ઈન્ટર્ન રૂપે અભ્યર્થીને દર મહિને ૫૦૦૦ રૂપિયા મળશે અને કામ કરવાનો અનુભવ મળશે. જો કંપનીને તમારું કામ પસંદ આવે છે, તો તમને ત્યાં જ નોકરી મળી શકે છે અથવા તમે પોતાના બાયોડેટામાં તેનો ઉલ્લેખ કરીને ક્યાંક બીજે નોકરી માટે આવેદન કરી શકો છો. ઈન્ટર્નશિપ યોજના રોજગાર ઈચ્છનારા સ્નાતકો માટે છે.

અગ્નિવીર દરેક દૃષ્ટિએ બહેતર યોજના છે. કોઈપણ સરકાર રોજગાર પેદા નથી કરી શકતી. તમામ રાજકીય પક્ષોએ એ વાત સમજવી જોઈએ અને દરેક જગ્યાએ અડચણો ઊભી કરવી અને સારી યોજનાઓને પણ નિષ્ફળ કરવાનું બંધ કરવું જોઈએ. જો તમારી પાસે કોઈ બહેતર વિચાર છે, તો તેને સંસદમાં રજૂ કરો. તેને સાંભળવા માટે સરકાર તૈયાર છે. પહેલા વર્ષમાં અગ્નિવીરોને ૩૦,૦૦૦ રૂપિયાનું માસિક પેકેજ મળે છે, જેમાં ૨૧,૦૦૦ રૂપિયાનું ઈન-હેન્ડ વેતન હોય છે. ૯,૦૦૦ રૂપિયા અગ્નિવીરની તરફથી કોર્પસ ફંડમાં જમા થાય છે, અને આટલી જ રાશિ સરકાર દ્વારા પણ આ ફંડમાં જમા કરવામાં આવે છે. આ રીતે પ્રભાવી રૂપે એક અગ્નિવીરનું માસિક વેતન ૩૯,૦૦૦ રૂપિયા હોય છે. તે ઉપરાંત ત્રણેય સેવાઓમાં લાગુ જોખમ અને કઠિનાઈ ભથ્થા અને ત્રીસ દિવસની વાર્ષિક રજાઓ, એલટીસી, કેન્ટીન સુવિધા અને ચિકિત્સા વગેરેની સુવિધાઓ મળે છે.

જો અગ્નિવીર ઉદ્યમી બનવા માગે છે, તો તેમને બેંક લોનમાં પ્રાથમિકતા મળશે. જો અગ્નિવીર આગળ ભણવા માગતા હોય તો તેમને ૧૨મા ધોરણ સમકક્ષ પ્રમાણપત્ર અને આગળના ભણતર માટે પસંદગીનો બ્રિજિંગ કોર્સ આપવામાં આવશે. એ ન ભૂલો કે મોટાભાગના અગ્નિવીરો માત્ર ૧૨મું પાસ છે, તેઓ ભણવામાં એટલા તેજસ્વી નથી. અગ્નિવીરને તેમની નિયુક્તિ અવધિ માટે ૪૮ લાખ રૂપિયાનું બિન-અંશદાયી જીવન વીમા કવર પ્રદાન કરવામાં આવે છે. સમય સાથે અગ્નિવીરોનું વેતન વધતું જાય છે અને ચોથા વર્ષે પેકેજ ૪૦,૦૦૦ રૂપિયા પ્રતિ માસ હોયછે. ચાર વર્ષની સેવા બાદ ૨૫ ટકા અગ્નિવીરને સેનામાં રાખવામાં આવે છે, બાકીને પોતાના ઘરે મોકલી દેવામાં આવે છે,જે દુનિયા સામે ઝઝૂમવા માટે સંપૂર્ણ આત્મવિશ્વાસથી ભરપૂર હોય છે. તેમને એકસામટા ૧૨ લાખ રૂપિયાની કરમુક્ત રકમ પણ મળે છે. સરકાર માટે ખર્ચ (સીટીજી) કંપની માટે ખર્ચ સમાન જ છે. મફત બોર્ડિંગ, લોજિંગ, રાશન, યુનિફોર્મ અને અન્ય ચીજો માટે પૈસા ખર્ચ કરવા પડે છે. તેને માપવું મુશ્કેલ છે, પરંતુ બચત મામલે આ બહુ મોટો સહારો રહેશે. સેનાનું પ્રશિક્ષણ ઘણું ખર્ચાળ હોય છે અને અગ્નિવીરને એ મફત મળે છે.

આપણે એ ન ભૂલવું જોઈએ કે દર વર્ષે દેશમાં ૯૫ લાખ યુવા સ્નાતક બને છે અને તેમાંથી મોટાભાગના બેરોજગાર ફરે છે. એક સરેરાશ સ્નાતકને દર મહિને દસ થી પંદર હજારની નોકરી પણ માંડ મળે છે. કોઈ ભથ્થું-ભાડું પણ નથી મળતું. ચાર વર્ષ સ્નાતક કર્યા બાદ અને ચાર વર્ષ કામ કર્યા બાદ પણ એક સામાન્ય વ્યક્તિ અગ્નિવીરને બરાબર રોજગાર મેળવવાની સ્થિતિમાં નથી હોતો. અગ્નિવીર ચાર વર્ષ સેનામાં કામ કર્યા બાદ બીજી નોકરી મેળવી શકે છે અને રોજગાર કરવાની સાથે સાથે ભણતર પણ મેળવી શકે છે. અગ્નિવીર પ્રશિક્ષિત, અનુશાસિત અને કઠિન મહેનત કરનારો વ્યક્તિ બની જાય છે. અગ્નિવીરોને ૪૨ મહિનાનો કાર્ય અનુભવ મળે છે, જે સામાન્ય સ્નાતકની તુલનામાં રોજગાર મેળવવા માટે બહેતર સ્થિતિમાં હોય છે. સેનામાં તેને નેતૃત્વ, ટીમવર્ક અને એક વિશિષ્ટ સંગઠન સાથે જોડાયેલા હોવાની ભાવના મળે છે. આજે કંપનીઓ સારા અનુશાસિત કાર્યબળની શોધ કરી રહી છે. તેથી અગ્નિવીર યોજના યુવાઓનું જીવન બદલનારી યોજના છે.

# ગડુ પ્રાથમિક શાળાના નૂતન બિલ્ડિંગમાં ૩૬ કુંડી ગૌ ગાયત્રી યાગ યજ્ઞ યોજાયો

ગડુ તા. ૮

ગડુ પ્રાથમિક શાળાના આચાર્યે કૈલાશવાસી વિપ્ર મોહનલાલ માધવજી સવલ અને શિક્ષિકા ગ.સ્વરૂપ સ્વ. પુષ્પાબેન મોહનલાલ રાવલના આત્માં શ્રેયાર્થે શ્રી ગડુ પ્રથામિક શાળાના નવા બિલ્ડિંગમાં શ્રાવણ માસના પ્રથમ સોમવારે ૩૫ કુંડી ગો ગાયત્રી યાગ યજ્ઞનું દિવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના વિદ્યાથીઓ મુખ્ય યજમાન પદે રહ્યા હતા.

મૂળ માણાવદરના અને બદલીમાં આવેલા ગઠ પ્રાથમિક શાળાના આચાર્ય મોહનભાઈ રાવલ અને રોક્ષિકા શ્રીમતી પુષ્પાબેન મોહનલાલ રાવલ ૧૧/૦૪/૧૯૭૦ થી ૦૬/૦૭/૧૯૭૧ સુધી શિક્ષક તરીકે કરજ બજાવી હતી. ૧ પ્રાથમિક શાળા અને શાળાના બાળકોની વિશેષ આપવાની ભાવનાથી ભારતીય સંસ્કૃતિ સંસ્કાર અને પર્યાવરણ અને પ્રકૃનિા જતન માટે ગો ગાયત્રી યાગ યજ્ઞનું આયોજન તેમના પરિવારે કર્યું હતું. ગડુ પ્રાથમિક શાળાના આચાર્યે ઈનોજભાઈ વાવેરાના માર્ગદર્શન હેઠળ શાળાના વિશાળ પરીસરમાં ૩૦૦ બાળકોને ગો ગાયત્રી યાગ યજ્ઞના સંયોજક બ્રહ્મપુત્ર મા નર્મદા પ્રેમી અને ગૌ ઉપાસક મયુર રાવલે પર્યાવરણની શુદ્ધિ અને સંસ્કૃતિના જતન માટે યાગ યજ્ઞ જરૂરી છે તેની જાણકારી બાદ ગૌ પૂજન કરી ગરવા ગુજરાતની જીવાદોરી નર્મદા નદીનું નર્મદા પુરાણનું પૂજન ઘેનુ માનસનું પૂજન કરી ૩૫ કુંડી ગૌ ગાયત્રી યાગ યનનો પ્રારંભ થયો હતો. શ્રી ગણેશ ગાયત્રી મંત્ર માળા હોમ શ્રી ગાયત્રી મંત્ર માળા હોમ, શ્રી સુરભી ગો માતાના મંત્ર માળાની હોમ સાથે મહામૃત્ય જય મંત્રની ૧૧ આહુતિઓ અર્પણ કરવામાં આવી હતી. સોપારીથી બીડું હોમી આરતી અને ૩૫ કુંડી ગૌ ગાયત્રી યાગ યજ્ઞની પૂર્ણાહુતિ થઈ હતી. ગોમાતાની જય, નદી બાબાની જાય સરસ્વતી માતા ની જય ભારત માતાની જય, નર્મદે હર અને વંદે માતરમ્‌ના જયઘોષ થયા હતા. ગડુ ગ્રામ પંચાયતના સરપંચ બાબુભાઈ મોકરિયાએ મંગલ કામના પાઠવી હતી. ફોર ટ્રેક હાઈવે પર આવેલા વિનય આશ્રમ વાળા કથાકાર પૂજ્ય વિનય વ્યાસજીએ આશીર્વાદ પાઠવ્યા હતા. ગો ગાયત્રી યાગ યજ્ઞમાં ૨૦ કિલો કાષ્ઠ, ૪ કિલો ઘી અને ૪ કિલો જવ તલ અને હવન સામગ્રી ગોબર છાણાનો ઉપયોગ થયો હતો. શાળાના આચાર્ય મનીષભાઈ વાઢેર, સ્ટાફ પરિવાર, દેવદાસ બાપુ દેવમોરારી, રસિકભાઈ રાઠોડ ભંડુરી વાળા, ભીખારામબાપુ હરિયાણી અને વિજયભાઈ પરમાર અને શાળાના વિદ્યાર્થી ગણે જહેમત ઉઠાવી હતી. ૩૫ કુંડી ગો ગાયત્રી યાગ યજ્ઞનું સુચારૂ સંચાલન ગો ઉપાસક મયૂર રાવલએ કર્યું હતું. શાળાના આચાર્ય મનીષભાઈ વાઢેર અને સ્ટાફે સુંદર વ્યવસ્થા કરી હતી.

# પ્રાકૃતિક કૃષિ ફાર્મની મુલાકાત લેતા અધિકારીઓ



વિસાવદર તા. ૮

આજરોજ પ્રાતેનમાં પ્રાકૃતિક ફાર્મ, પ્રાકૃતિક કૃષિ ફાર્મ (મોડેલ) મુ.શિંહોલી મોટી, તા.જી.ગાંધીનગર ખાતે ગુજરાતભરમાંથી ગુજરાત ઓર્ગેનિક પ્રોડક્ટસ સર્ટિફિકેશન એજન્સી( ગોપકા) ના દરેક જિલ્લાના અધિકારીશ્રીઓ સાથે મળી ફાર્મની મુલાકાત લીધી હતી. પ્રાકૃતિક ખેતી માટે સર્ટિફિકેશન અતિજરૂરી છે. દરેક ખેડૂત જે પ્રાકૃતિક ખેતી કરે છે. તેમણે આવનારા દિવસોના ભવિષ્ય માટે સર્ટિફિકેટ મેળવવું જરૂરી છે. તેના માટે પ્રાકૃતિક ખેતી માટે દેશી બીજ, દેશી ગાય તેમ જ પ્રાકૃતિક ખેતીના તમામ આયામો, સ્થળ ઉપર નિદર્શન, સ્થળ મુલાકાત અને ચર્ચા-વિચારણા અને બ્રેનસ્ટ્રોંમીંગની મીટીંગ કરવામાં આવી હતી તેમ નરેન્દ્ર એલ.મંડીર,બી.એસસી(એગ્રી)(મો.નં ૯૪૨૮૪ ૦૫૭૬૭)ની યાદીમાં જણાવાયું છે

## પાંચ દિવસના મેળામાં દસ લાખથી પણ વધુ લોકો તેનો લ્હાવો લેવા આવે છે

# રાજકોટના લોકમેળામાં આ વખતે રાઇડ્‌સ જોવા નહીં મળે

## આ વખતે TRP ઝોનના અગ્નિકાંડની અસર જોવા મળી રહી છે તેના લીધે લોકમેળાનું મુખ્ય આકર્ષણ એવી રાઈડસ જ નહીં હોય

રાજકોટ,તા.૮

રાજકોટનો લોકમેળો સમગ્ર સૌરાષ્ટ્રનો સૌથી મોટો લોકમેળો છે, પાંચ દિવસના આ મેળામાં અંદાજે ૧૦ લાખ લોકો તેનો લ્હાવો લેવા માટે પહોંચતા હોય છે. રાજકોટના લોકમેળાનું મુખ્ય આકર્ષણ કેન્દ્ર અહીની રાઈડ્‌સ હોય છે પરંતુ આ વખતે રાજકોટના લોકમેળાનું મુખ્ય આકર્ષણ જ જોવા નહીં મળે એવું બની શકે છે.તેની પાછળનું કારણ એ છે કે TRP ગેમઝોન અગ્નિકાંડ બાદ રાજકોટ કલેક્ટરે જન્માષ્ટમીના મેળામાં તકેદારી રાખી રહ્યા છે. યાંત્રિક રાઈડ્‌સધારકો અને જિલ્લા કલેકટર વચ્ચે SOP માં બદલાવ કરવાને લઈ બેઠક થઈ હતી, જે સંપૂર્ણ નિષ્ફળ રહી હતી. રાજકોટના લોકમેળામાં યાંત્રિક રાઈડ્‌સ ધારકો કલેક્ટરની SOP થી નારાજ છે.રાજકોટના લોકમેળા માટે આજે યાંત્રિક રાઈડ્‌સ ધારકોએ કલેકટર સાથે બેઠક કરી હતી. જેમાં કલેકટરે જાહેર કરેલી SOP ને લઈ ચર્ચા થઈ હતી. યાંત્રિક રાઈડ્‌સ ધારકોએ આ SOP માં ફેરફાર કરવા માટે રજૂઆત કરી એટલું જ નહીં તેમણે એવું પણ કહ્યું કે, જો SOPમાં ફેરફાર નહિ થાય તો પ્લોટની હરરાજીમાં ભાગ લેશે નહિ અને મેળામાં યાંત્રિક રાઈડ્‌સ જોવા મળશે નહીં.જિલ્લા કલેકટર દ્વારા રાઈડ્‌સની ફિઝિબિલિટી,રાઈડ્‌સનું સ્ટ્રકચર,જમીનની ગુણવત્તા સહિતના મુદ્દાઓ રજૂ કરવામાં આવ્યા છે. SOP પ્રમાણે આ વખતે લોકમેળામાં સ્ટોલ અને રાઈડ્‌સમાં ૩૦ ટકાનો ઘટાડો કરાવામાં આવશે. સાથે SOP માં અમુક પ્રકારના રાઈડ્‌સની ગુણવતાને લઈને ટેસ્ટ ફરજિયાત કરવામાં આવ્યા છે, જેની કિંમત અંદાજે ૧-૨ લાખ આસપાસ છે. જેને કારણે યાંત્રિક રાઈડ્‌સ ધારકોએ SOP માં બદલાવ માટેની માંગણી કરી હતી. લોકોની સુરક્ષાને ધ્યાનમાં રાખી ૫ કરોડનો વીમો વધારી ૭.૫૦ કરોડ કરાયો છે.રાઈડ્‌સના સંચાલકોએ મેળાના નિયમો હળવા કરવાની કલેક્ટર સમક્ષ માગ કરી હતી. જો કે અગ્નિકાંડ બાદ તંત્ર કોઈપણ છૂટ આપવા માટે તૈયાર નથી. હાલ મેળાની યાંત્રિક રાઈડ્‌સને લઈને મામલો ગૂંચવાયેલો છે. રાઈડ્‌સ ધારકોએ જણાવ્યુ કે, મેળાને લઈને જે નિયમો બનાવાયા છે તેમા કેટલાક નિયમો એવા છે જે કાયમી રાઈડ્‌સ રાખવાની હોય તો તેના માટે જરૂરી હોય છે પરંતુ હંગામી રાઈડ્‌સ માટે આ નિયમો વધુ પડતા છે.આ SOPમાં કેટલાક એવા નિયમો છે જેમા જમીનનું સ્ટ્રક્ચર ક્યા પ્રકારનું તેનો રિપોર્ટ રજૂ કરવો. આ ઉપરાંત રાઈડ્‌સનો એક પ્રકારનો એકસરે એટલે કે રાઈડ્‌સની ફિઝિબિલિટીની ચકાસણી કરતો એક રિપોર્ટ રજૂ કરવો. જેની સામે સંચાલકોની રજૂઆત છે કે જે રિપોર્ટ માગવામાં આવ્યા છે, તે ઘણા ખર્ચાળ છે અને માત્ર ચાર દિવસના મેળા માટે પરવળે તેમ નથી, આથી નિયમોમાં બાંધછોડ કરવાનું રાઈડ્‌સ સંચાલકોએ સ્પષ્ટ રીતે કલેક્ટરને જણાવ્યુ હતુ. જોકે, સામે તંત્ર પણ તકેદારીમાં કોઈ બાંધછોડ કરવાના મૂડમાં નથી. જો આ જ સ્થિતિ રહી તો બની શકે કે રાજકોટના લોકમેળામાં આ વખતે રાઈડ્‌સ જોવા ન મળે.

# તાલુકા કક્ષાની સ્કુલ ગેમ અન્ડર-૧૪માં ગીરગઢડાની કુમાર શાળા પ્રથમ



ઊના તા. ૮

તાજેતમાં તાલુકાકક્ષાની સ્કૂલ ગેમમાં અંડર ૧૪ માં કુમાર શાળા ગીરગઢડા પ્રથમ ક્રમે આવેલ છે. ૧૫ જેટલી અલગ અલગ ટીમ સ્પર્ધામાં ભાગ લીધેલ જેમાં અભિનવ વિદ્યા મંદિર અને કુમારશાળા વચ્ચે ફાઈનલ ગેમમાં ગીરગઢડા કુમાર શાળાએ પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે. તાલુકા કક્ષાના અધિકારીઓ જેમાં કન્વિનર બારૈયા પણ ઉપસ્થિત રહ્યા હતા.

## પાર્કિંગની જગ્યા પર પણ અતિક્રમણ કરવામાં આવ્યું છે

# જામનગરના પ્રખ્યાત બાંધણી માર્કેટમાં રસ્તો પાથરણાવાળા સામે વેપારીઓનો આક્રોશ

## માર્કેટના બર્ધન ચોક ખાતેના વેપારીઓમાં હઠીલા અતિક્રમણકારોને લઈને રોષ ભભૂકી રહ્યો છે

જામનગર,તા.૮

જામનગરના પ્રખ્યાત બાંધણી માર્કેટના બર્ધન ચોક ખાતેના વેપારીઓમાં હઠીલા અતિક્રમણકારોને લઈને રોષ ભભૂકી રહ્યો છે, જેમણે આક્ષેપ કર્યો છે કે, તેઓએ રસ્તાઓ પર વાસ્તવમાં ઘેરો ઘાલ્યો છે. મંગળવારે આ સૌથી જૂના બજારના ૩૦૦ જેટલા વેપારીઓએ વિરોધ પ્રદર્શન કર્યું હતું અને જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપ્યું હતું, જેમાં જણાવ્યું હતું કે આ વિસ્તારને 'નો હોકિંગ' ઝોન જાહેર કરવો એ એક જરૂરિયાત છે અને સાંકડા રસ્તાઓ પર અતિક્રમણ તેમના વ્યવસાયને ગંભીર અસર કરી રહ્યું છે.

બર્ધન ચોક માર્કેટના વેપારી જયેશ કોટકે જણાવ્યું હતું કે, "હોકર્સ દ્વારા અતિક્રમણને કારણે ગંભીર ટ્રાફિક જામ એ રોજિંદી સમસ્યા છે. પાર્કિંગની જગ્યા પર પણ અતિક્રમણ કરવામાં આવ્યું છે અને ગ્રાહકોને તેમના ટુ-વ્હીલર પાર્ક કરવા માટે જગ્યા મળતી નથી. આનાથી અમારા વ્યવસાય પર પ્રતિકૂળ અસર પડી છે.''

વેપારીઓએ તાત્કાલીક અસરથી અતિક્રમણ દૂર કરવા માંગ કરી હતી.

વેપારીઓએ તેમની રજૂઆતમાં એવી પણ દલીલ કરી હતી કે રસ્તા પર ફેરિયાઓનું અતિક્રમણ હોવાથી ફાયર ફાઈટર કે એમ્બ્યુલન્સ જેવા ઈમરજન્સી વાહનોની અવરજવર માટે જગ્યા નથી. આગ અથવા અન્ય કોઈ કટોકટીના કિસ્સામાં, બચાવ કાર્ય હાથ ધરવું મુશ્કેલ બનશે, મેમોરેન્ડમમાં જણાવ્યું હતું.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

ઉત્સાહ જ માનવીના ભાગ્યશાળીપણાનું માપ છે.

- તિરૂવલ્લુર

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.સ્પેન્દાર્મદ-૧૩૯૩, મુ. સફર-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, શ્રાવણ સુદ-૪ બૃહસ્પતિ પૂજન, વિનાયક ચતુર્થી તા.૮ ઓગષ્ટ ૨૦૨૪, ગુરૂવાર, પારસી તા.૨૯, મુસ્લિમ તા.૩, ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર, શિવ યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૬:૨૪, સૂ.અ.૭:૨૯

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કન્યા (૫ ઠ ણ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: તમારા માર્ગને આડે આવતા અવરોધો દૂર થાય.
વૃષભ: જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે. મનની મૂંઝવણનો ઉકેલ મળે.
મિથુન: લાભની નવિન તક સાંપડે. માંગલિક કાર્યોનું આયોજન થાય.
કર્ક: વ્યર્થ ખર્ચના ભોગ બનવું પડે. ગૃહજીવનમાં મતભેદ રહે.
સિંહ: શત્રુઓને પીછેહટ કરવી પડે. વ્યાપાર-ધંધાક્ષેત્રે પ્રગતિ થાય.
કન્યા: આર્થિક ક્ષેત્રે સંજોગો બદલાય. સફળતા પ્રાપ્ત થાય.
તુલા: અટકી-અટકીને કાર્યમાં સફળતા મળે. નાણાંભીડ તીવ્ર બને.
વૃશ્ચિક: આર્થિક ક્ષેત્રે પ્રગતિકારક સમય. ગૃહજીવનમાં ચકમક ઝરે.
ધન: મુસાફરી-પ્રવાસથી લાભ થાય. નવિન લાભની તક સાંપડે.
મકર: મિલન-મુલાકાતમાં સફળતા મળે. પ્રતિકૂળમાંથી માર્ગ મળે.
કુંભ: પ્રવાસમાં વિઘ્ન, કાર્યમાં અણધારી રૂકાવટ આવે.
મીન: આવક કરતા જાવકનું પાસુ વિશેષ રહે. ધીરજના ફળ મીઠા મળે.

## સ્વતંત્ર પર્વ નિમિતે રાજ્યભરમાં અભિયાન

# ભાજપનું ૧૦થી ૧૫ ઓગસ્ટ સુધી હર ઘર તિરંગા અભિયાન યોજાશે

## ભાજપ કમલમ કાર્યાલય ખાતે આયોજન માટેની બેઠક મળી

અમદાવાદ, તા.૮

૧૫મી ઓગસ્ટે ભારતને અંગ્રેજોના શાસન માંથી દેશ આઝાદ થયો હતો. ભારત આ વર્ષે ૭૭ માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવાનો છે. ૭૭ માં સ્વાતંત્ર્ય પર્વ પૂર્વે દેશ અને રાજ્યમાં તિરંગા યાત્રા યોજીને ઉજવણી કરવાનો છે. જેના ભાગરૂપે પ્રદેશ ભાજપ કમલમ કાર્યાલય ખાતે તિરંગા યાત્રા આયોજન માટેની બેઠક મળી હતી. જેમાં હર ઘર તિરંગા યાત્રા અભિયાન દેશના ઈન્ચાર્જ અને રાષ્ટ્રીય મહામંત્રી તરુણ ચૂક અધ્યક્ષતામાં બેઠક મળી હતી.

આ બેઠકમાં પ્રદેશ પ્રમુખ અને કેન્દ્રીય કેબિનેટ મંત્રી સી આર પાટીલ તેમજ ધારાસભ્યો,સાંસદો ભાજપના હોદ્દેદારો જિલ્લા પ્રમુખો તેમજ ભૂપેન્દ્ર પટેલની સરકારના કેબિનેટ મંત્રીઓ પણ હાજરીમાં મળી હતી. જેમાં ભાજપે ગુજરાતમાં હર ઘર તિરંગા યાત્રા રોડ મેપ નક્કી કર્યો હતો.ગુજરાત ભાજપના હર ઘર તિરંગા યાત્રા શરૂઆત ૧૦ ઓગસ્ટથી રાજકોટ ખાતે શરૂ થશે. જેમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડા પ્રસ્થાન કરાવશે જે ૧૫ ઓગસ્ટ સુધી રાજયભરમાં યોજાશે. ગુજરાતમાં હર ઘર તિરંગા યાત્રા સંયોજક તરીકે ઉપાધ્યાય ગોરધન ઝડફિયા જવાબદારી સોંપાઈ છે. ત્યારે ગુજરાતના આયોજન અંગે વાત કરતા ગોરધન ઝડફિયાએ જણાવ્યું હતું કે,હર ઘર તિરંગા યાત્રા અભિયાન સમગ્ર દેશમાં ૧૫ મી ઓગસ્ટ સુધીના કાર્યક્રમો થશે.

હર ઘર તિરંગા અભિયાન પ્રદેશ ભાજપ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. કાયદા ફેરફાર કરીને રાષ્ટ્રધ્વજ ફરકાવી શકાય છે. ત્યારે પ્રત્યેક નાગરિક જોડ્યા તે માટે પ્રયાસ છે. પ્રત્યેક ઘર સુધી રાષ્ટ્રધ્વજ લગાવીશું તે અંગે રૂપરેખા ભાગ રૂપે હર ઘર તિરંગા ૧૦ થી ૧૫ તારીખ સુધી યોજાશે. જેમાં પાંચ કાર્યક્રમો આ અભિયાનમાં હશે. જેમાં જેટલી સ્વાતંત્ર્યસેનાની પ્રતિમા હશે. તેની પ્રતિમાની સફાઈ અને પુષ્પહાર કરવામાં આવશે. મહાનગર વિશાળ જનતા સાથે જનસમૂહ નીકળશે એટલે કે રાજયના ૫૮૫ મંડળોમાં પદયાત્રા યોજાશે. રાષ્ટ્રીય નેતૃત્વ પણ રેલીમાં જોડાશે. આમ આખા અભિયાન સ્વાતંત્ર્ય પર્વ નિમિતે યોજશે.

## ખંભાળિયામાં રવિવારે રક્તદાન કેમ્પનું આયોજન

જામ ખંભાળિયા, તા.૮

જામ ખંભાળિયાની જાણીતી સેવા સંસ્થા જલારામ અન્નપૂર્ણા ગૃહ ચેરીટેબલ ટ્રસ્ટ તેમજ ટ્રસ્ટના સભ્ય સચિનભાઈ વૃજલાલ કાનાણીના સૌજન્યથી તેમને સુપુત્રી સ્વ. ધ્રુવિષાબેન કાનાણીની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે આગામી રવિવાર તા. ૧૧ મી ના રોજ ખંભાળિયામાં જૂની લોહાણા મહાજન વાડી ખાતે આવેલા પાબારી હોલ ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

# GST આવક વધારવા માટે સરકાર કેવી રીતે તમારા વીમા ઉપર વધુ પડતો ચાર્જ વસૂલી રહી છે

**જ્યાં વીમાનો વ્યાપ ખૂબ જ ઓછો છે તેવા ભારત જેવા દેશમાં જીવન અને આરોગ્ય વીમા પ્રીમિયમ ઉપર ઊંચો 18% GST એકદમ અતાર્કિક છે, ઉપરાંત ભારતમાં કોઈ સામાજિક સુરક્ષા નેટ નથી અને સરકારી તબીબી સવલતો ખૂબ જ ખરાબ છે, સરકાર વીમા ઉત્પાદનો ઉપર 18% GST શા માટે વસૂલ કરે છે અને શા માટે તેને દૂર કરવાની જરૂર છે ?**

નવી દિલ્હી, તા.૮

જ્યારે આપણે આપણી જીવન અને આરોગ્ય વીમા પોલિસી માટે પ્રીમિયમ ચૂકવીએ છીએ ત્યારે આ એક ચચરાટ છે જે આપણે બધા અનુભવીએ છીએ. નિષેધાત્મક ૧૮% ગુડ્‌સ એન્ડ સર્વિસ ટેક્સ (GST) એ ઉચ્ચ પ્રીમિયમમાં ઉમેરો કરે છે જે વીમા કંપનીઓ વસૂલ કરે છે. જ્યાં વીમાનો વ્યાપ ઓછો છે એવા ભારત જેવા દેશમાં ઊંચા કર દર લોકોને વીમો મેળવવા અથવા ઉચ્ચ કવર પસંદ કરવાથી નિરૂત્સાહ કરે છે. સરકાર દ્વારા મહિને દર મહિને GST વસૂલાતમાં વધારો કરવામાં આવી રહ્યો છે ત્યારે પણ લોકો ઉપર આ વધુ પડતો ટેક્સ વસૂલવામાં આવી રહ્યો છે. તે કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરી હતા જેમણે તાજેતરમાં જીવન અને આરોગ્ય વીમા પ્રીમિય પર 18% GST નાબૂદ કરવાની માંગ કરીને હલચલ મચાવી હતી. નાણાપ્રધાન નિર્મલા સીતારમણને લખેલા પત્રમાં ગડકરીએ જણાવ્યું હતું કે, આ પ્રીમિયમ ઉપર ટેક્સ લગાવવો એ ‘જીવનની અનિશ્ચિતતાઓ પર કર’ સમાન છે અને વીમા ક્ષેત્રના વિકાસને અવરોધે છે. એવા દેશમાં જ્યાં કોઈ સામાજિક સુરક્ષા નેટ નથી અને સરકારી મેડિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ખરાબ છે, જીવન અને આરોગ્ય વીમા પ્રીમિયમ પર ઊંચો 18% GST તર્કહીન છે. GST શાસન ૧ જુલાઈ, ૨૦૧૭ના રોજ અમલમાં આવ્યું. હવે વર્ષોથી GST કાઉન્સિલ દરોની સમીક્ષા કરવાની વાત કરી રહી છે, પરંતુ ઉચ્ચ વસૂલાત હોવા છતાં તે તરફ કોઈ પગલું ભર્યું નથી. જૂન ૨૦૨૪માં ભારતનું GST કલેક્શન ૧.૭૪ લાખ કરોડ રૂપિયા હતું, જે વાર્ષિક ધોરણે ૮% વધારે છે. માત્ર નીતિન ગડકરી જ નહીં, જયંત સિન્હાની આગેવાની હેઠળની નાણાં ઉપરની સ્થાયી સમિતિએ પણ વીમા ઉત્પાદનો, ખાસ કરીને ટર્મ પ્લાન અને આરોગ્ય ઉપરના GST દર ઘટાડવાની ભલામણ કરી હતી. સ્થાયી સમિતિના અહેવાલમાં જણાવાયું છે કે, ૨૦૨૧-૨૨માં ભારતમાં વીમાનો વ્યાપ (જીડીપીમાં વીમા પ્રિમિયમની ટકાવારી) વૈશ્વિક સરેરાશ ૭%ની સરખામણીમાં ૪.૨% હતી. તેણે નોંધ્યું હતું કે, વીમા સુરક્ષા અને વિવિધ વીમા ઉત્પાદનોની જરૂરિયાત અને લાભો વિશે સામૂહિક જાગૃતિ લાવવાની જરૂર છે. ફેબ્રુઆરીમાં સબમિટ કરાયેલા સમિતિના અહેવાલમાં જોવા મળ્યું હતું કે, GSTનો ઊંચો દર પ્રીમિયમના ઊંચા બોજમાં પરિણમે છે, જે વીમા પોલિસીઓ મેળવવામાં અવરોધક તરીકે કામ કરે છે. ACKO વીમા કંપનીના વરિષ્ઠ વાઈસ પ્રેસિડેન્ટ રૂપિન્દરજીત સિંઘે મીડિયાને જણાવ્યું હતું કે, ‘ભારતનો વીમા વ્યાપ ૩૦% છે જે યુએસ જેવા વિકસિત દેશોની તુલનામાં પ્રમાણમાં ઓછો રહે છે, જ્યાં તે ૯૦% થી વધુ છે.’ નીચો વ્યાપ અને ઉચ્ચ વીમા ખર્ચ આખરે તબીબી કટોકટી માટે ઉચ્ચ ખિસ્સા ખર્ચમાં પરિણમે છે. સિંઘ કહે છે, ‘ગ્લોબલ ઈન્ટરફેથ કાઉન્સિલ અનુસાર ભારતમાં ૬૨% ખિસ્સા બહારનો ખર્ચ છે જે USમાં ૧૦% છે.’

**શા માટે સરકાર વીમા પ્રીમિયમ ઉપર 18% GST વસૂલે છે :**

ACKOના સિંઘના અનુસાર ‘GST લાદવાનો સરકારનો તર્ક આવક પેદા કરવાના માર્ગની નજરે જોઈ શકાય છે.’ તેઓ સમજાવે છે કે, સરકારને કેવી રીતે ટેક્સ બેઝને વિસ્તૃત કરવાની જરૂર છે કારણ કે, માત્ર બે કરોડ ભારતીયો આવકવેરો ચૂકવે છે. GST શાસનનો હેતુ સમગ્ર માલસામાન અને સેવાઓમાં એક સમાન માળખું બનાવવાનો છે. વીમાને નાણાકીય સેવા ગણવામાં આવે છે અને 18% GST દરે વસૂલવામાં આવે છે. મોટાભાગના નિષ્ણાતો માને છે કે, જો ટેક્સ સંપૂર્ણપણે નાબૂદ કરવામાં ન આવે તો વિવિધ સેગમેન્ટ્‌સ માટે જીએસટીના દરોને તર્કસંગત બનાવવા જોઈએ. નાણાકીય સેવાઓ પ્લેટફોર્મ ફિનહાટના સહ-સ્થાપક અને CFO સંદીપ કટિયાર કહે છે કે, ‘અમારા મતે ટેક્સને સંપૂર્ણ રીતે દૂર કરવો જોઈએ નહીં. તેના બદલે ટેક્સ વાર્ષિક પ્રીમિયમ અને વીમા ઉત્પાદનના પ્રકાર સાથે જોડાયેલ હોવો જોઈએ.’ કટિયારે મીડિયાને જણાવ્યું કે, ‘આર્થિક પિરામિડના તળિયેની વ્યક્તિઓ અથવા વરિષ્ઠ નાગરિકો માટેના પ્રીમિયમ ઉપરના કરને નાબૂદ કરવો જોઈએ. અન્ય આવકના વિભાગો માટે, શુદ્ધ-ગાળાની યોજનાઓ અને તબીબી વીમા પ્રિમીયમ ઉપર કર ઓછો હોવો જોઈએ.’ સરકાર જીવન માટે ૮૦સી અને આરોગ્ય વીમા માટે 80D હેઠળ કર મુક્તિ આપે છે તે વીમા પ્રીમિયમ ઉપર વસૂલવામાં આવતા ઊંચા દરને જોતા માટે કોઈ બચત નથી. ઈન્શ્યોરન્સ વ્યાપમાં ઘટાડો, પ્રીમિયમ

**કલેક્શનમાં વધારો :** ભારતના વીમા નિયમનકાર ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (IRDAI)ના વાર્ષિક અહેવાલમાં જણાવાયું છે કે, પાછલા વર્ષની સરખામણીએ ૨૦૨૨-૨૩માં જારી કરવામાં આવેલી નવી જીવન વીમા પોલિસીની સંખ્યામાં ૨.૨૧% ઘટાડો થયો છે. IRDAI રિપોર્ટ દર્શાવે છે કે, વીમાનો વ્યાપ ઘટ્યો હતો પરંતુ લોકો દ્વારા પ્રીમિયમ ચૂકવણીમાં વધારો થયો હતો. IRDAIએ સ્વિસ રી સિગ્માના એક અહેવાલને ટાંકીને જણાવ્યું છે કે, જીવન વીમા ક્ષેત્રનો વીમા વ્યાપ ૨૦૨૧-૨૨માં ૩.૨%થી ઘટીને ૨૦૨૨-૨૩માં ૩% થયો છે. નોન-લાઈફ ઈન્સ્યોરન્સ સેક્ટર માટે વ્યાપ ૧% ઉપર અટકી ગયો. વ્યાપમાં ઘટાડો થયો હોવા છતાં IRDAI અહેવાલમાં જણાવાયું છે કે, જીવન વીમા પ્રીમિયમ કલેક્શન એક વર્ષ અગાઉની સરખામણીએ ૨૦૨૨-૨૩માં ૧૩% વધીને રૂા.૭.૮૩ લાખ કરોડ થયું હતું. જીવન વીમા ઉદ્યોગની પ્રીમિયમ આવકના લગભગ ૫૩% રિન્યુઅલ પ્રીમિયમમાંથી છે, જ્યારે ૪૭% નવા બિઝનેસ પ્રીમિયમમાંથી છે. આ પણ ઓછા લોકો વીમા કવચ માટે જવાનું કારણ હોઈ શકે છે. વધુ ખર્ચને કારણે લોકો નાના કવર માટે જઈ રહ્યા છે : ઉચ્ચ પ્રીમિયમ અને વધારાનો 18% GST લોકોને ઉચ્ચ વીમા કવચ મેળવવાથી મર્યાદિત કરી રહ્યો છે. ACKOના રૂપિન્દરજીત સિંઘ કહે છે, ‘ઘણા વપરાશકર્તાઓ ઊંચા પ્રીમિયમને કારણે નાના કવર માટે સેટલમેન્ટ કરે છે. ભારતમાં સ્વાસ્થ્ય વીમા યોજના પસંદ કરતી વખતે પ્રીમિયમની કિંમત નિર્ણાયક પરિબળ છે.’ સિંઘ ઉમેરે છે, ‘ગ્રાહકો પાસે ઘણીવાર મર્યાદિત બજેટ હોય છે, જેના કારણે તેઓ તેમની નાણાકીય મર્યાદાઓમાં બંધબેસતા ઓછા કવર પ્લાન પસંદ કરે છે પછી ભલે તેનો અર્થ ઓછો કવરેજ હોય.’ તેમનું કહેવું છે કે, હેલ્થ ઈન્સ્યોરન્સ ઉપર GSTની મુક્તિ એક મોટું પ્રોત્સાહન હશે અને પોસાય તેવા ભાવે પૂરતું કવર મેળવવામાં મદદ કરશે. ફિનહાટના સંદીપ કટિયાર કહે છે કે, પ્રીમિયમ ચૂકવણીની ક્ષમતા સીધી રીતે ખર્ચ કરવા લાયક આવક સાથે જોડાયેલી છે, જે ગરીબ અને નીચલા-મધ્યમ-વર્ગ માટે મર્યાદિત છે. ‘જો ઓછા કરને કારણે પ્રીમિયમમાં ઘટાડો થાય છે, તો આ જૂથોની વ્યક્તિઓ વધુ કવરેજ મેળવી શકશે.’ તેથી હવે સમય આવી ગયો છે કે, GST કાઉન્સિલ જીવન અને સ્વાસ્થ્ય વીમા પ્રીમિયમ ઉપરના 18% GST દરોને જો નાબૂદ ન કરે તો તેને તર્કસંગત બનાવવા આગળ વધે. આ ભારતમાં વીમાના વ્યાપને વેગ આપશે અને લોકોને ઉચ્ચ કવરેજ મેળવવામાં મદદ કરશે.

# રાજ્યની ૧૧,૪૫૧ શાળાઓમાં ફાયર સેફ્ટી NOCની જરૂરિયાત : હાઈકોર્ટમાં સોગંદનામું

અમદાવાદ, તા.૮

ગુજરાત હાઈકોર્ટના નિર્દેશોને અનુસરીને રાજ્યના શિક્ષણ વિભાગે રાજ્યભરની તમામ શાળાઓમાં ફાયર સેફ્ટી ડ્રાઈવ શરૂ કરી હતી અને તે બાબતે હાઈકોર્ટમાં અહેવાલ રજૂ કર્યો હતો. આ બાબતે તાજેતરમાં હાઈકોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવશે. રાજકોટ અગ્નિ કાંડ કેસમાં હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલા આદેશ મુજબ શિક્ષણ વિભાગ દ્વારા શાળાઓમાં ફાયર સેફ્ટી બાબતે સર્વે હાથ ધરાયો હતો. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ વિભાગના સચિવ વિનોદ રાવ દ્વારા હાઈકોર્ટમાં દાખલ કરેલા તેમના સોગંદનામામાં જણાવ્યું હતું કે વિભાગે ૫૫,૩૪૪ પૂર્વ પ્રાથમિક, પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાંથી શાળાઓનું નિરીક્ષણ કરવા અને તેમની ફાયર સેફ્ટીની સજ્જતાનું મૂલ્યાંકન કરવા માટે ૩,૦૦૦થી વધુ ટીમોની રચના કરી છે. માન્ય ફાયર એનઓસી મેળવવા માટે ૧૧,૪૫૧ની શાળાઓને જરૂર હતી. વધુમાં, ૪૩,૮૯૩ શાળાઓએ સ્વ-ઘોષણા નોંધાવી હતી, જ્યારે ૯,૫૬૩ શાળાઓએ માન્ય ફાયર એનઓસી હતી. બાકીની શાળાઓને તેનું પાલન કરવાની સમયમર્યાદા આપવામાં આવી છે. રાવે તેમના સોગંદનામામાં જણાવ્યું હતું કે સરકાર ૧૮૩ સરકારી શાળાઓમાં ફાયર સેફ્ટી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને અપગ્રેડ કરવા માટે પણ રોકાણ કરી રહી છે. આમાં પાણીની ટાંકીઓ બાંધવી, ફાયર હોસીસ સ્થાપિત કરવી અને વિદ્યુત વ્યવસ્થા સુધારવાનો સમાવેશ થાય છે. અહેવાલમાં વધુમાં જણાવવામાં આવ્યું હતું કે જ્યારે શિક્ષણ વિભાગ નિરીક્ષણો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે, ત્યારે ફાયર ડ્રિલ એટલે કે કવાયત અને શિક્ષકોની તાલીમનું વાસ્તવિક અમલ ફાયર વિભાગ અને (GSDMA) દ્વારા કરવામાં આવશે. ગ્રાન્ટ-ઈન-એઈડ, ખાનગી અને સરકારી પ્રાથમિક શાળાઓમાં જેઓએ ફાયર સેફ્ટીની કવાયત હાથ ધરી છે, ૨૬,૧૯૫ શાળાઓએ તેમના શિક્ષકોને તાલીમ આપી છે અને ૨૩,૨૦૬ શાળાઓએ કવાયત હાથ ધરી છે.

## ગ્રાન્ટેડ સ્કૂલોમાં શિક્ષકોની ભરતીમાં માત્ર TATના ગુણ જ ગણાશે

અમદાવાદ, તા.૮

રાજ્યની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિક્ષકોની ભરતીના નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યા છે. અત્યાર સુધી ભરતી માટે TATનું વેઈટેજ ૭૦ ટકા અને અન્ય શૈક્ષણિક લાયકાતનું વેઈટેજ ૩૦ ટકા હતું, પરંતુ હવે ફેરફાર બાદ TATના ગુણના આધારે જ ભરતી કરવામાં આવશે. અન્ય શૈક્ષણિક લાયકાતનું વેઈટેજ હવે ભરતીમાં રહેશે નહીં. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતીને લઈને નવા નિયમો જાહેર કર્યા છે. જેમાં હવે ધોરણ-૯થી ૧૨ની શાળાઓમાં શિક્ષકોની ભરતી માટે ટિચર એપ્ટિટ્યુટ ટેસ્ટ (TAT)ને ધ્યાનમાં રાખીને જ ભરતી કરવામાં આવશે. એટલે કે, હવે ભરતી માટે અન્ય તમામ પ્રકારની શૈક્ષણિક લાયકાતને ધ્યાને લેવામાં આવશે નહીં. રાજ્ય શિક્ષણ વિભાગ દ્વારા ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિક્ષક અને આચાર્યની ભરતી માટે ૨૦૧૧માં TATની પરીક્ષા અમલમાં મુકી હતી. TATની પરીક્ષા અમલમાં આવતાં ૧૧ ડિસેમ્બર, ૨૦૧૧ના રોજ શિક્ષણ વિભાગ દ્વારા શિક્ષક અને આચાર્યની પસંદગી કરવા માટેના નિયમો જાહેર કર્યા હતા.

# ભારતીય-અમેરિકનોના હજારો બાળકો ઉપર શા માટે દેશનિકાલનું જોખમ છે




(એજન્સી) તા.૮

કાનૂની ઈમિગ્રન્ટ્‌સના ૨,૫૦,૦૦૦થી વધુ બાળકો, જેમાંના ઘણા ભારતીય અમેરિકનો છે તેઓ ૨૧ વર્ષના થાય છે ત્યારે આશ્રિત દરજ્જો ગુમાવે છે ત્યારે તેઓ પુખ્ત વયના કારણે દેશનિકાલ થવાના જોખમનો સામનો કરે છે. વ્હાઈટ હાઉસ આ કાયદાકીય મડાગાંઠ માટે રિપબ્લિકનને દોષી ઠેરવે છે જ્યારે ધારાશાસ્ત્રીઓ અને હિમાયતી જૂથો આ વ્યક્તિઓને બચાવવા માટે પગલાં લેવા વિનંતી કરે છે. નેશનલ ફાઉન્ડેશન ફોર અમેરિકન પોલિસી (NFAP)એ યુએસ સિટીઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસિસ (USCIS) ડેટાનો ૨ નવેમ્બર સુધી અભ્યાસ હાથ ધર્યો હતો અને જાણવા મળ્યું હતું કે આશ્રિતો સહિત ૧૦.૨ લાખથી વધુ ભારતીયો હાલમાં EB-1માં ગ્રીન કાર્ડની રાહ જોઈ રહ્યા છે. ઈમિગ્રેશન એન્ડ નેશનાલિટી એક્ટ (INA)એ બાળકને એવી વ્યક્તિ તરીકે વ્યાખ્યાયિત કરે છે જે અવિવાહિત અને ૨૧ વર્ષથી ઓછી ઉંમરના હોય. જો કોઈ વ્યક્તિ બાળક તરીકે કાયદેસરના કાયમી નિવાસી (LPR) દરજ્જા માટે અરજી કરે છે પરંતુ ગ્રીન કાર્ડ માટે મંજૂરી મેળવ્યા પહેલા ૨૧ વર્ષના થઈ જાય છે તો તેને ઈમિગ્રેશન હેતુઓ માટે હવે બાળક ગણવામાં આવશે નહીં. તેને ‘‘એજિંગ આઉટ’’ કહેવામાં આવે છે અને તેનો અર્થ એ છે કે આ વ્યક્તિએ કદાચ નવી અરજી ફાઈલ કરવી પડશે ગ્રીન કાર્ડ માટે વધુ રાહ જોવી પડશે અથવા તે હવે અહી રહેવા માટે લાયક ન પણ હોઈ શકે. વ્હાઈટ હાઉસે કાયદાકીય મડાગાંઠ માટે રિપબ્લિકનને દોષી ઠેરવ્યા છે કારણ કે, તેઓએ બે વખત દ્વિપક્ષીય કરારને નકારી કાઢ્યો હતો. ૧૩ જૂનના રોજ ઈમિગ્રેશન, સિટીઝનશિપ અને બોર્ડર સેફ્ટીની સેનેટ ન્યાયિક સબકમિટીના અધ્યક્ષ સેનેટર એલેક્સ પેડિલા અને પ્રતિનિધિ ડેબોરાહ રોસની આગેવાની હેઠળ ૪૩ ધારાશાસ્ત્રીઓના જૂથે આ વ્યક્તિઓને બચાવવા માટે તાત્કાલિક પગલાં લેવા બિડેન વહીવટીતંત્રને વિનંતી કરી છે. તેમણે કહ્યું કે, આ યુવાનો યુનાઈટેડ સ્ટેટ્‌સમાં મોટા થાય છે અમેરિકન સ્કૂલ સિસ્ટમમાં તેમનું શિક્ષણ પૂર્ણ કરે છે અને અમેરિકન સંસ્થાઓમાંથી ડિગ્રી સાથે સ્નાતક થાય છે. જો કે, ગ્રીન-કાર્ડના બેકલોગને કારણે, મંજૂર ઈમિગ્રન્ટ પિટિશનવાળા પરિવારોને ઘણીવાર કાયમી નિવાસી દરજ્જા માટે દાયકાઓ સુધી રાહ જોવી પડે છે. આ બાળકોનું પ્રતિનિધિત્વ કરતી સંસ્થા, ઈમ્પ્રુવ ધ ડ્રીમએ તેના ઉકેલની હિમાયત કરવા માટે ૧૦૦થી વધુ કોંગ્રેસની કચેરીઓ અને વરિષ્ઠ વહીવટી અધિકારીઓ સાથે મુલાકાત કરી છે. ઈમ્પ્રુવ ધ ડ્રીમના સ્થાપક દિપ પટેલે પીટીઆઈ દ્વારા જણાવ્યું હતું કે, કાર્યનો અભાવ અને સંબંધિત સૂચિત નિયમોને લીધે કાર્યવાહીમાં વિલંબ નિરાશાજનક છે. હું આશા રાખું છું કે રાષ્ટ્રપતિ બિડેન અને વહીવટીતંત્ર આ અંગે સમર્થન આપશે. જેફ્રીના મિનેસોટામાં સ્નાતક થયેલ વિદ્યાર્થી છે અને તે પુખ્ત થતાં સ્વનિકાલનો સામનો કરવો પડી રહ્યો છે. ટેક્સાસમાં એક ક્લાઉડ એન્જિનિયર, ૧૫ વર્ષથી વધુ સમયથી યુ.એસ.માં રહે છે પરંતુ તેના કાયમી રહેઠાણની સ્થિતિ અંગે અનિશ્ચિતતાનો સામનો કરવો પડી રહ્યો છે. એ જ રીતે, રોશન, જે ૧૦ વર્ષની ઉંમરે યુએસ આવ્યો હતો અને લગભગ ૧૬ વર્ષ યુ.એસ.માં વિતાવ્યા છતાં ૨૦૧૯માં પુખ્ત થયા પછી ગયા મહિને દેશ છોડવાની ફરજ પડી હતી.

# પડેલ મતો અને ગણતરી કરાયેલ મતોમાં વિસંગતતાઓ; ECI બેજવાબદાર : પૂર્વ CEC

**પૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર એસ.વાય.કુરૈશીએ કહ્યું કે, વિવિધ જૂથો દ્વારા નોંધાયેલી વિસંગતતાઓ ઉપર ચૂંટણી પંચનું મૌન ‘બેજવાબદાર’ છે અને તેનું મૌન વિવેકબુદ્ધિહીન છે**



નવી દિલ્હી તા.૮

પૂર્વ સીઈસીએ આ અઠવાડિયે એક ટીવી ન્યૂઝ ચેનલને જણાવ્યું હતું કે,૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં પડેલ મતો અને ગણતરીના મતોમાં વિસંગતતાઓ અંગે સ્પષ્ટતા માટે ભારતના ચૂંટણી પંચ માટે વધતી જતી કોલાહલ દુઃખદાયક અને સંપૂર્ણપણે ટાળી શકાય તેવી છે, તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ડેટામાં કોઈ વિસંગતતાની કોઈ શક્યતા નથી, જે વાસ્તવિક સમયમાં એકત્રિત કરવામાં આવે છે. જો ECI દ્વારા અપલોડ કરવામાં આવેલા ડેટામાં હજુ પણ વિસંગતતાઓ જોવા મળે છે, તો તે શંકાઓને દૂર કરવાની કમિશનની ફરજ અને જવાબદારી છે. તેઓ આ અઠવાડિયે નવી દિલ્હીમાં ADR (એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ) દ્વારા બહાર પાડવામાં આવેલા એક અહેવાલ ઉપરના પ્રશ્ન ઉપર પ્રતિક્રિયા આપી રહ્યા હતા. ECIની વેબસાઈટ ઉપર અપલોડ કરેલા ડેટા સાથે મેળ ખાતા, ADRને ૫૩૮ જેટલા સંસદીય મતવિસ્તારોમાં વિસંગતતાઓ જોવા મળી.

ADRએ તેનો અહેવાલ ૨૯ જુલાઈએ બહાર પાડ્યો હતો, જ્યારે એક સપ્તાહ અગાઉ ૨૨ જુલાઈના રોજ અન્ય એક સંગઠન વોટ ફોર ડેમોક્રેસી (મહારાષ્ટ્ર)એ એક પ્રકાશન બહાર પાડ્યું હતું અને આરોપ મૂક્યો હતો કે સાત તબક્કાના મતદાનના બીજા તબક્કામાં મતદારોના મતદાનમાં વધારો થવાને કારણે NDA/BJP માટે ઘણા રાજ્યોમાં ‘‘લાભકારી પરિણામો’’ આવ્યા હતા. તેણે રાજ્યવાર સંખ્યા પણ જણાવી હતી અને દાવો કર્યો કે બીજા તબક્કાના મતદાન દરમ્યાન ભાજપને પશ્ચિમ બંગાળમાં ૩, ઉત્તર પ્રદેશમાં ૮, મધ્ય પ્રદેશમાં ૬, છત્તીસગઢમાં ૩, ત્રિપુરા અને જમ્મુ અને કાશ્મીરમાં ૧-૧, કર્ણાટકમાં ૧૨, રાજસ્થાનમાં ૧૦ અને આસામમાં ૪ બેઠકો મળી હતી. તે અવલોકન કરે છે કે, ‘‘આવું વલણ’’, ‘‘પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, કર્ણાટક, રાજસ્થાન સહિતના સમાન રાજ્યોમાં મતદાનના અન્ય ૬ તબક્કામાં જોવા મળ્યું ન હતું.’’ આ તબક્કા ૨માં, કેરળનું ઉદાહરણ અનોખું છે કે આ તબક્કામાં ભાજપને એક સીટ મળી, અન્ય સીટ ઉપર બીજા સ્થાને અને રાજ્યની કુલ ૨૦ સીટોમાંથી ૧૪માં ત્રીજા સ્થાને’’ રહ્યું હતું. અહેવાલમાં ભારપૂર્વક જણાવવામાં આવ્યું હતું કે, વધુ હેરાન કરનારી વાત તો એ છે કે, ‘‘લગભગ ૫ કરોડ વોટ વધારાથી ભાજપ/એનડીએને ઓછામાં ઓછી ૭૬ બેઠકોનો ફાયદો થયો છે, જો આવો ફાયદો ન થયો હોત તો તેણે આ વધારાની બેઠકો ગુમાવી હોત.’’

૨૦૧૯માં સ્વતંત્ર પત્રકાર પૂનમ અગ્રવાલ દ્વારા પણ મતોની ગણતરીમાં વિસંગતતાઓ સામે આવી હતી. આ પછી એડીઆર દ્વારા સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી, જે અરજી હજી પેન્ડિંગ છે અને તેની સુનાવણી હજુ બાકી છે. ADR દ્વારા આયોજિત આ અઠવાડિયે મીડિયા બ્રીફિંગમાં, અગ્રવાલે યાદ કર્યું કે ચૂંટણી પંચે વેબસાઈટ ઉપરથી ડેટા પાછો ખેંચીને તેના અહેવાલ ઉપર પ્રતિક્રિયા આપી હતી. તેમણે ધ્યાન દોર્યું હતું કે, જો કે, તે જ વર્ષે સપ્ટેમ્બરમાં ચૂંટણી પંચે પરિણામોનું વિગતવાર મતવિસ્તાર મુજબનું વિશ્લેષણ અપલોડ કર્યું હતું, જ્યાં ડેટા મેળ ખાતો હતો અને તેમાં કોઈ વિસંગતતા દેખાતી નહોતી. તેમણે કહ્યું કે,૨૦૨૪માં પણ, સપ્ટેમ્બરઓક્ટોબર સુધીમાં, ચૂંટણી પંચ વિગતવાર વિશ્લેષણ સાથે બહાર આવશે, અને જણાવ્યું કે તેમને કોઈ શંકા નથી કે ડેટા ફરીથી ઓએનસી સાથે મેળ ખાશે. એડીઆર માટે બોલતા, પ્રોફેસર જગદીપ છોકરે ભારપૂર્વક જણાવ્યું હતું કે એડીઆરને કોણ જીત્યું અને કઈ સીટ ઉપર કોણ હાર્યું તેનું વિશ્લેષણ કરવામાં રસ નથી. તે પારદર્શિતા અને જવાબદારી સુનિશ્ચિત કરવામાં રસ ધરાવે છે અને ચૂંટણી પંચ તેના પોતાના ડેટામાં મેળ ખાતી ગેરસમજને સમજાવે તેવી અપેક્ષા રાખે છે. પૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર કુરૈશી સંમત છે. દેશમાં વાણિજ્યિક બેંકોની હજારો શાખાઓમાં, તેમણે ધ્યાન દોર્યું, દરેક દિવસના અંતે ખાતાઓની ગણતરી કરવામાં આવે છે અને તેમાં એક રૂપિયાનો તફાવત પણ ગણવો પડે છે. ચૂંટણી પ્રક્રિયામાં પણ એક મતનો પણ તફાવત ન હોઈ શકે અને આ શંકા દૂર કરવાની જવાબદારી ચૂંટણી પંચની છે. તે મૌન રહી શકે નહીં.

જોકે, ECIએ સુપ્રીમ કોર્ટ સમક્ષ એક એફિડેવિટ દાખલ કરીને દાવો કર્યો છે કે તે ઉમેદવારો અને તેમના એજન્ટો સિવાય અન્ય કોઈની સાથે મતદાર મતદાનનો ડેટા શેર કરવા માટે કાયદેસર રીતે બંધાયેલ નથી. એફિડેવિટમાં દાવો કરવામાં આવ્યો છે કે મતદાર મતદાનના ડેટાની જાહેરાત મતદારોમાં મૂંઝવણ ઊભી કરશે અને રસાકસીપૂર્ણ રીતે લડાયેલી ચૂંટણીઓમાં નિહિત હિતોનો ઉપયોગ કરી શકે છે.

મતદાન પ્રક્રિયા સમજાવતા, કુરૈશી આવા બહાનાઓ ઉપર કટાક્ષ કરે છે. દરેક મતદાન મથકમાં દરેક મત વાસ્તવિક સમયમાં નોંધવામાં આવે છે અને એક રજીસ્ટર જાળવવામાં આવે છે. કોઈપણ સમયે, પ્રિસાઈડીંગ ઓફિસરે માત્ર છેલ્લી હરોળ જોઈને દર્શાવવું પડશે કે ત્યાં સુધીમાં કેટલા મત પડ્યા છે. માહિતી મેળવવામાં વિલંબ માટે કોઈ કારણ નથી. જ્યારે મતદાનનો સમય સમાપ્ત થાય છે, ત્યાં હજુ પણ ૫૦ કે ૧૦૦ મતદારો કતારમાં હોઈ શકે છે અને નિયમો હેઠળ મતદાન બંધ થઈ શકતું નથી જ્યાં સુધી તે બધા મતદાન ન કરે. તે જ સમયે, મતદાન પૂર્ણ ન થાય ત્યાં સુધી કોઈ મતદાન મથક કામગીરી બંધ કરી શકે નહીં, અને ઉમેદવારોના પોલિંગ એજન્ટોને ફોર્મ ૧૭ સી નંબર સાથે સોંપવામાં આવશે નહીં. એજન્ટોની સહીઓ મેળવ્યા પછી મળેલા મતોની સંખ્યા. EVM અને VVPAT વગેરેને પછી ‘ત્રણ વાર’ સીલ કરવામાં આવે છે અને તેમના ઉપર મૂકવામાં આવેલા સિક્યુરિટી પ્રેસમાં એક અનન્ય નંબર છાપવામાં આવે છે. આથી જ મતદાનનો અંતિમ આંકડો ECIને બીજા દિવસે સવારે ઉપલબ્ધ થતો હતો. મતદાનનો આંકડો બહાર પાડવામાં વિલંબનો કોઈ સવાલ જ પેદા થતો નથી. આ વર્ષે, જોકે, ECIએ પ્રથમ તબક્કાના મતદાન સાથે સંબંધિત ડેટા શેર કરતા પહેલા ૧૧ દિવસનો સમય લીધો હતો. પૂર્વ સીઈસી સુપ્રીમ કોર્ટ વિશે પણ આવી જ રીતે ટીકા કરતા આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું કે, સુપ્રીમ કોર્ટ છેલ્લા પાંચ વર્ષથી ADRની અરજી કેમ સાંભળી શકતી નથી. લોકશાહીમાં ચૂંટણી પ્રક્રિયા કરતાં વધુ મહત્ત્વનું શું હોઈ શકે?

# ‘હર ઘર તિરંગા’ અભિયાનનું રાજ્યભરમાં ભવ્ય આયોજન કરાશે : રમતગમત અને યુવક સેવા મંત્રી હર્ષ સંઘવી

## રાજ્યના મુખ્ય ચાર મહાનગરોમાં ૨ થી ૩ કિલોમીટર લાંબી તિરંગા યાત્રા તથા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે : રાજ્યભરમાં અંદાજે ૫૦ લાખથી વધુ ત્રિરંગાનું વિતરણ કરાશે



ગાંધીનગર તા. ૮

કેન્દ્ર સરકાર દ્વારા આજરોજ તા. ૮ ઓગસ્ટ થી ૧૫ ઓગસ્ટ દરમ્યાન સમગ્ર દેશમાં હર ઘર તિરંગા અભિયાનની ઉજવણી કરવામાં આવનાર છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકાર દ્વારા પણ તા. ૮ થી ૧૫ ઓગસ્ટ દરમ્યાન સમગ્ર રાજ્યમાં ૭૮માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવામાં આવશે તેમ રમતગમત અને યુવક સેવા મંત્રી હર્ષ સંઘવીએ ગાંધીનગર ખાતે પત્રકાર પરિષદ સંબોધતા જણાવ્યું હતું.

મંત્રી શ્રી સંઘવીએ વધુ વિગતો આપતા કહ્યું હતું કે, આ અભિયાન અંતર્ગત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં રાજ્યના મુખ્ય ચાર શહેરો રાજકોટ, સુરત, વડોદરા અને અમદાવાદ ખાતે ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમા તા.૧૦ ઓગસ્ટના રોજ રાજકોટ, તા.૧૧ ઓગસ્ટે સુરત, તા. ૧૨ ઓગસ્ટે વડોદરા અને તા.૧૩ ઓગસ્ટે અમદાવાદ ખાતે તિરંગા યાત્રા યોજાશે. આ પ્રોગ્રામ ઉપરાંત રાજ્યની મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ અને ૧૪,૨૯૨ ગ્રામ પંચાયતોમાં પણ આ તિરંગા યાત્રાની ઉજવણી થશે. આ યાત્રામાં રાજ્યભરની અંદાજે ૨,૨૦૦થી વધુ સંસ્થાઓ સહભાગી થશે. આ ઉપરાંત ખાસ કરીને બોર્ડરના ગામડાંઓમાં ઘરો પર તિરંગા લહેરાવીને તિરંગા યાત્રા પણ યોજવામાં આવશે.

મંત્રીશ્રીએ કહ્યું હતું કે, આ ઉપરાંત રાજ્યના મુખ્ય ૭૫ આઈકોનિક સ્થળોએ પણ આ પર્વની ઉજવણી થશે. આ ઉજવણીમાં રાજ્યના તમામ ઘર, દુકાન ઉદ્યોગ ગૃહ, સરકારી કચેરી, ખાનગી કચેરી અને લારીઓ પર પણ ત્રિરંગા લહેરાવામાં આવનાર છે. રાજ્યમાં આ ઉજવણીમાં તમામ વિભાગ તેમજ જિલ્લા વહીવટી તંત્ર પણ સંકલનમાં રહીને કામગીરી કરી રહ્યું છે. શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યની શૈક્ષણિક સંસ્થાઓ દેશ ભક્તિની થીમ ઉપર ફેન્સી ડ્રેસ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા તથા રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીને પુરસ્કારથી સન્માનિત કરાશે. શિક્ષણ વિભાગ દ્વારા બાળકોને આઝાદી તેમજ તિરંગાનું સન્માન જળવાય તે અંગેની વધુ સમજ પણ આપવામાં આવશે તેમ, તેમણે ઉમેર્યું હતું.

રમતગમત અને યુવક સેવા મંત્રી હર્ષ સંઘવી કહ્યું હતું કે, રાજ્યના તમામ જિલ્લાઓમાં ૫૦ લાખથી વધુ તિરંગાઓનું વિતરણ કરવામાં આવશે. ટ્રાફિક પોલીસ દ્વારા વિવિધ શહેરોના ચાર રસ્તાઓ ઉપર નાગરીકોને તિરંગાનું વિતરણ પણ કરવામાં આવશે. ટ્રાન્સપોર્ટ વિભાગ દ્વારા રાજ્યની એસ.ટી. બસોમાં પણ મુસાફરોને તિરંગાનું વિતરણ કરવામાં આવશે તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

મંત્રી શ્રી સંઘવીએ કહ્યું હતું કે, ચાર મહાનગરોમાં અંદાજે ૨ કિલોમીટરના રૂટ પર ત્રિરંગા યાત્રા/મેગા પરેડ યોજાશે. જેમાં સુરત અને અમદાવાદ ખાતે અંદાજે ૧ લાખથી વધુ જ્યારે રાજકોટ અને વડોદરા ખાતે ૫૦ થી ૭૦ હજાર નાગરીકો સહભાગી થશે. આ કાર્યક્રમ અંતર્ગત સશસ્ત્ર દળોનું બેન્ડ, પોલીસ બેન્ડ, સ્કૂલ બેન્ડ અને અન્ય ખાનગી બેન્ડ દ્વારા દેશભક્તિ આધારીત ધૂન રજૂ કરવામાં આવશે. રાજ્યના વિવિધ સાંસ્કૃતિક વૃંદો દ્વારા વિવિધ સ્થળે જાણિતા નૃત્ય અને સાંસ્કૃતિક કાર્યક્રમોની રજૂઆત કરવામાં આવશે.

તેમણે કહ્યું હતું કે, રાજ્ય સરકારના વિવિધ વિભાગ દ્વારા અંદાજે ૯ ટેબલો પ્રદર્શિત કરવામાં આવશે. મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ થઈ રહેલા આયોજનમાં આ વખતની ઉજવણીમાં હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત તિરંગા યાત્રા, તિરંગા રેલી, તિરંગા રન, તિરંગા કોન્સર્ટ, તિરંગા કેનવાસ, તિરંગા શપથ, તિરંગા સેલ્ફી, તિરંગા સન્માન તેમજ તિરંગા મેલા જેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવનાર છે જેમાં રાજ્યના નાગરિકોને મોટી સંખ્યામાં સહભાગી થવા મંત્રીશ્રીએ અહ્વાન કર્યું હતું.

# બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજમાં સાયબર ક્રાઈમ અવરનેસ પ્રોગ્રામ યોજાયો





જૂનાગઢ તા. ૮

બહાઉદીન સરકારી વિનયન કોલેજ, જૂનાગઢ ખાતે ગઈકાલે તા.૦૭/૦૮/૨૦૨૪ ના રોજ પ્રિ. ડો. પી.વી. બારસિયાના માર્ગદર્શન હેઠળ સાયબર સેલના અધ્યક્ષ પ્રા. ડો. ભાવનાબેન ઠુંમર તથા પ્રા. ડો. જીગ્નેશ કાચા દ્વારા સાયબર ક્રાઈમ અવરનેસ સેમિનારનું આયોજન કરવામાં આવેલ હતું.

આ પ્રોગ્રામમાં સાઈબર પોલીસ huLs IGP ઓફીસના પી.એસ.આઈ બી.આર. જોગલ મેડમ, SOG જૂનાગઢના પી.એસ.આઈ કોડિયાતર, આર.એમ.ગોહેલ, જે.સી. દેસાય તથા સાયબર વોલેન્ટિયર પરમાર સાહિલભાઈ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રોગ્રામમાં મુખ્ય ઉદ્દેશ સમાજમાં સાયબર અવેરનેસ આવે તે માટે સાહિલ પરમારએ ખૂબ જ સરળ અને સુંદર રીતે પ્રોજેક્ટર દ્વારા જુદા જુદા લાઈવ ફ્રોડના ભોગ કેવી રીતે બની જતા હોઈએ છીએ, તેની વિગતવાર ડેમો કરી માહિતી આપી હતી. સાઈબર ફ્રોડ જેવા કે, ફિશિંગ એટેક, સિંગલ એટેક, અજાણી લિંક, ઓટીપી ફ્રોડ, પબ્લિક વાઈ-ફાઈ, કોમન અટેક, સ્કેન ફી, ઓનલાઈન પેમેન્ટ ફ્રોડ, મલેસીયસ એપીકેએસ, સીમ સ્વેપિંગ, બેન્કિંગ લોન, ટાવર ઈન્સ્ટોલેશન, મેન ઈન ધ એટેક, ફ્રોડ મેઈલ વગેરે સમજાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત કઈ રીતે બચી શકાય તે અંગે સ્ટ્રોંગ પાસવર્ડ, સાચી લીંક કે સાયબર સેલની વેબસાઈટના ઉપયોગ તરફ વિશેષ ભાર મૂક્યો હતો. ત્યારબાદ પી.એસ.આઈ બી. આર જોગલએ હેલ્પલાઈન ૧૯૩૦ તથા પોલીસની મદદ લેવા આહવાન આપેલ હતું.

આ કાર્યક્રમના અધ્યક્ષ પ્રિ. ડો. પી.વી. બારસિયાએ જણાવ્યું હતું કે આ ફ્રોડથી બચવા માટે માત્ર એક રસ્તો જાગૃતિ ખૂબ જરૂરી છે, દરેક વ્યક્તિએ સાવચેત રહેવું ખુબ જરૂરી છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અધ્યાપક ભાઈઓ-૧૩, બહેનો-૨ તથા ૨૩૨ વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

# ખંભાળિયામાં ઘી નદીના ધસમસતા પાણીના પ્રવાહમાં કાર ફસાઈ: રેસ્ક્યું કરાયું



જામ ખંભાળિયા, તા. ૮

ખંભાળિયા શહેરના પાદરમાં આવેલા ખામનાથ મહાદેવ મંદિર નજીકથી પસાર થતી ઘી નદીના વહેણમાં એક મોટરકાર પાણીના પ્રવાહ વચ્ચે ફસાઈ ગઈ હતી. જો કે કોઈ જાનહાની થઈ ન હતી અને સફળતાપૂર્વક રેસક્યું કરાયું હતું.

આ અંગેની જાણવા મળતી વિગત મુજબ ખંભાળિયામાં ખામનાથ મંદિર નજીકના ચેકડેમ પરથી હાલ વિપુલ માત્રામાં પાણી ઓવરફ્લો જઈ રહ્યું છે. આ વચ્ચે ઉલ્લેખનીય છે કે જર્જરીત બની જવાથી ખામનાથ બ્રિજ લાંબો સમયથી અવર-જવર માટે પ્રતિબંધિત હોવાથી અગાઉ જ્યારે આ નદી બિલકુલ તળિયા ઝાટક હતી ત્યારે અહીં કામ ચલાઉ રસ્તો બનાવવામાં આવ્યો હતો. જે હાલ સંપૂર્ણપણે ધોવાઈ ગયો છે.

ત્યારે નદીના આ પ્રવાહ વચ્ચેથી એક મોટરકાર ચાલકે હિંમત કરી અને પાણીમાંથી પોતાની કાર કાઢવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ જોખમી રીતે કાર પસાર કરવાનો પ્રયાસ કરતા આ મોટરકાર અધવચ્ચે જ વહેતા પાણીમાં ખૂંપી ગઈ હતી અને બંધ પડી ગઈ હતી. આ પરિસ્થિતિ જોતાં આ વિસ્તારના કેટલાક લોકો અહીં દોડી આવ્યા હતા અને ટ્રેક્ટરની મદદથી મોટરકારને પાણીમાંથી બહાર કાઢી હતી.

# દ્વારકા જિલ્લાની શાળાના વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટનું વિતરણ કરાયું




જામ ખંભાળિયા તા. ૮

દેવભૂમિ દ્વારકા જિલ્લા હોમગાર્ડના કમાન્ડન્ટ સંદીપભાઈ ખેતિયાના આર્થિક સહયોગથી તેમના પુત્ર કેશવની પુણ્ય સ્મૃતિમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અભ્યાસ કરતા જિલ્લાના તમામ હોમગાર્ડ યુનિટના હોમગાર્ડ કર્મચારીના દિકરા-દિકરીઓને શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ખંભાળિયા જાયન્ટસ ગ્રુપના પ્રમુખ હિતીશાબેન ખેતીયાના હસ્તે આ શૈક્ષણિક કીટ વિતરણ કરવામાં આવી હતી. આ સેવા પ્રવૃત્તિમાં ખંભાળિયાના કે.એચ. સધીયા, વાડીનારના ધનસિંગ, ભાણવડના નવલસિંહ, દ્વારકાના ચેતન પરમાર, મીઠાપુરના બાલુભા માણેક, ઓખાના કૌશિક કાસ્ટા વિગેરે જોડાયા હતા. આ ઝુંબેશમાં "બેટી બચાવો, બેટી પઢાવો" અને વ્યસન મુક્તિ સહિતના સમાજ ઉપયોગી સંદેશ પણ આપવામાં આવ્યા હતા.

# રૂપાયત ખાતે સ્નેહલ મુઝુમદારે સંતુરની સુરાવલીઓથી પર્વતરાજ ગિરનારને સુરાભિષેક કરીને શ્રોતાઓને અભિભુત કર્યા





(ગોરધન પાઘડાર દ્વારા)

જૂનાગઢ તા. ૮

રૂપાયતન ખાતે આગલા બંને રવિવારે શબ્દ અને સાહિત્યને ભરપુર, માનભેર આવકાર્યા પછી આ રવિવારે સમય હતો સુરસંગમનો.

વાંચન કે લેખન આપણા હૃદય અને વિચારો તથા ઊર્મિઓને સ્પર્શે છે પણ આત્માના અતલ ઉંડાણે પહોંચીને એક પરમશાંતિ અને અલૌકિક તૃપ્તિની અનુભૂતિ તો સંગીત જ કરાવી શકે. આપણને તો એમ જ લાગે કે બે ગીતો કે એકાદ ગઝલ શાંતિથી સાંભળી અને ફ્રેશ થઈ ગયા, પણ એ સમય દરમ્યાન આપણી જાણબહાર જ સંગીતની અકથ્ય, ગેબી શક્તિ આપણા આતમને, માંહ્યલાને ક્યારે આંગળી પકડીને અનેરા અંતરિક્ષની સફરે લઈ જાય અને આપણું ગમતું ગીત, ગઝલ કે ભજન પુરૂં થાય ત્યારે ફરીથી આપણામાં પુનઃસ્થાપિત કરી દે એ આપણે જાણી શકતા નથી.

વાદ્યસંગીતમાં તંતુવાદ્યો એક અલગ જ નઝાકત અને નમણાશ ધરાવતા હોય છે. વીણા, સિતાર, રામસાગર. પણ આ બધામાં સૌથી વધુ માસુમિયત સંતુર ધરાવે છે. કાશ્મીરની દીલકશ હવાઓમાં ગુંજતા એકસો તારોના સંયોજનથી અખરોટ કે મેપલ વૃક્ષના મુલાયમ લાકડામાંથી બનેલા આ વાદ્યનો ઈતિહાસ પર્શિયા એટલે કે આજના ઈરાન દેશ સાથે જોડાયેલો છે. સંસ્કૃતમાં શતતંત્રી વીણા નામથી મશહૂર આ વાદ્ય અખરોટના જ લાકડામાંથી બનાવાયેલી બે દાંડીઓ વડે વગાડવામાં આવે છે.

પંડિત શીવકુમાર શર્મા, ભજન સોપોરી, પંડિત ઉલ્હાસજી જેવા આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત કલાકારો એ સંતુરના સુર સમગ્ર વિશ્વમાં વહેતા કર્યા છે. આવા જ એક સુવિખ્યાત અને કુશળ કલાકાર સ્નેહલ મુઝુમદાર કે જેઓ વ્યવસાયે ચાર્ટ્રઅકાઉન્ટન્ટ છે. ગયા રવિવારની મેઘલી સાંજે રૂપાયતનની પાવન ધરતી પર મોંઘેરા મહેમાન બનીને આવ્યા અને એમની દૈવી બક્ષિસ સમાન અનન્ય પ્રતિભા વડે સંતુરની સુરાવલીઓથી પર્વતરાજ ગિરનારને સુરાભિષેક કરીને ઉપસ્થિત તમામ શ્રોતાઓને અભિભૂત કરી ગયા હતા.

કાશ્મીરના ચિનાર વૃક્ષોના પાંદડાઓ વચ્ચેથી ચળાઈને આવતી સંતુરી સુરલહેરી જાણે કે કાઠીયાવાડી આમ્રવૃક્ષોને આલિંગન આપતી હોય કે આદિકાળથી ગિરનારી ભોમકામાં ગુંજી રહેલા નરસિંહની કરતાલના સુર સાથે ભક્તિસભર સાયુજ્ય રચતી હોય એવા દિવ્ય માહોલની અસર આજે ત્રણ-ત્રણ દિવસ પછી પણ એટલી જ તરોતાઝા છે.

રૂપાયતનનો કશ્મીર પ્રદેશ સાથેનો ઋણાનુબંધ અજબ છે. આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત સૂફી ગાયક ગુલઝાર અહમદ ગનાઈના કંઠે કશ્મિરી ભાષામાં ભાષાંતરિત થયેલું ‘વૈષ્ણવજન તો...’ સાંભળવાનો લહાવો હોય કે છેક કશ્મિરના ઉરી વિસ્તારથી સૌરાષ્ટ્રની શૈક્ષણિક યાત્રાએ આવેલા વિદ્યાર્થીઓ સાથે "નેહ કશ્મિરી" નામક સંવાદનો ઉપક્રમ હોય, રૂપાયતનની રૂડી પરંપરા ભારતવર્ષના મુકુટ સમાન કશ્મિર પ્રદેશને સમયાંતરે ગિરનારી ભૂમિમાં પ્રસ્તુત કરતી આવી છે.

રૂપાયતનના મેનેજીંગ ટ્રસ્ટ અને સાહિત્યિક તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ જૂનાગઢમાં વધુને વધુ સારી રીતે પનપતી રહે એ માટે સતત પ્રયત્નશીલ એવા અમારા રૂપાયતન પરિવારના મોભી હેમંત નાણાવટીની અણીશુધ્ધ આયોજન ક્ષમતા અને રૂપાયતનના આજીવન શુભચિંતક અને ઉંચા ગજાના સંશોધક, ભાવક શ્રી સતિષચંદ્ર વ્યાસના પ્રયત્નોથી શ્રી મુઝુમદાર જેવા ‘સંતુરી તાનસેન’ની અલૌકિક કલા ઉપસ્થિત એકે એક શ્રોતાને ‘કાનસેન’ બનાવીને રહી એટલી તલ્લીનતાથી આ સુરસાગરમાં વહી જવાયું. કારણ કે એક નિર્વિવાદ સત્ય છે કે સામાજીક, કૌટુંબિક, આર્થિક તમામ રીતે સુખી, સમૃધ્ધ કે સંતૃપ્ત વ્યક્તિ પણ અંતરના કોઈ અગોચર ખુણે ખુદને ક્યારેક એકાકી, અટુલો મહેસુસ કરતો હોય છે, હિન્દી ફિલ્મમાં કહેવાય છે એમ ‘કિતની ભી કોશિષ કર લો, જિંદગી મેં કુછ ન કુછ તો હાથ સે છુટ હી જાતા હૈ’ આ હાથથી છુટી જવાની ટીસ કે સમયના નહોરે કરેલા ઉઝરડા ઉપર લગાડાયેલો સુરીલો સાંત્વનાસભર લેપ એટલે સંગીત અને સુરલહેરીઓ, આ હકીકતને શતપ્રતિશત સાબિત કરતા આ ઉપક્રમની સંતુરીસ્મૃતિ અને શ્રી મુઝુમદાર સાહેબનો નિરાભિમાની, સરળ અને સહજ સ્વભાવ આવનારા અનેક ચોમાસા સુધી વરસાદની પ્રત્યેક બુંદ સાથે યાદ આવશે.

# ઉનાના ગાંગડા ગામે નેશનલ હાઈવે પાસે સર્વિસ રોડ અથવા સર્કલ બનાવવા માંગ



ઉના તા. ૮

ઉના તાલુકાના ગાંગડા ગામે નેશનલ હાઈવે નં. ૮ઈ પસાર થાય છે. આ હાઈવેની આજુબાજુના ગામડાને જોડતો રસ્તો મળે છે. ત્યાં કોઈપણ પ્રકારા સર્વિસ રોડ, ડિવાઈડર કે સર્કલ આપેલ નથી. જેના લીધે ગામડામાં જતા લોકોને ખુબ જ હાલાકી ભોગવવી પડે છે. અને અવાર નવાર વાહન ચાલકો રાહદારીઓ ગંભીર અકસ્માતનો ભોગ બની રહ્યા છે. જેથી હાઈવે પર ગાંગડા ગામ સર્વિસ રોડ અથવા સર્કલ બનાવવા માંગ કરી હતી. હાઈવે પરથી ગાંગડા, સનખડા, ખત્રીવાડા, પાતાપુર, દુધાળા, માણેકપુર, મોઠા, સિમર, અને ગાંગડા સહીતનાં ગામના લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

આ અંગે ગાંગડા ગ્રામ પં.સરપંચ ગજરાબા નાનુભા, તાલુકાના પંચાયત ઉપપ્રમુખ હનુભા ગોહિલ, ઉંટવાળા ગ્રામ સરપંચ જોરૂભા ગોહિલ, જીલ્લા પંચાયત સદસ્ય વીરાભાઈ ઝાલા, સનખડા ગ્રામ પંચાયતના, તાલુકા પચાયતના સદસ્ય પુનુબા માંડણભાઈ ગોહીલ, તાલુકા ભાજપ યુવા મોરચા સદસ્ય દિપસિંહ ગોહિલ, વિશ્વાસ જાદવ તથા આ ગામોના આગેવાન સહીતના અલગ અલગ પાંચ ગામોના પંચાયત દ્વારા લેખિત રજૂઆત કરી કે સર્વિસ રોડ અથવા સર્કલ ના હોવાના કારણે અત્યાર સુધીમાં છ થી સાત લોકોના અકસ્માતના કારણે મુત્યુ નિપજ્યા છે. જેથી આ વિસ્તારમાં સર્વિસ રોડ અથવા સર્કલ બનાવવા માંગ કરી છે.

# શુક્રાચાર્યએ શિવ સાધના વડે સંજીવની વિદ્યાને પ્રાપ્ત કરી



## શ્રાવણ સત્સંગ

કનકચંદ્ર છગનલાલ વ્યાસ
દેવેન કનકચંદ્ર વ્યાસ

એક વખત દૈત્યોના ગુરૂ શુક્રાચાર્યએ પોતાના શિષ્યો દાનવોની દેવો સામે યુધ્ધમાં કારમો પરાજય જોઈ અત્યંત વ્યથિત થયા. તેમણે તપસ્યાના બળ વડે દેવોને હરાવવાની પ્રતિજ્ઞા કરી. આ પ્રતિજ્ઞા કરી તેઓ અર્બુદ પર્વત ઉપર તપસ્યા કરવા ચાલ્યા હતા. અર્બુદ પર્વત(આબુ)માં ભૂમિની અંદર ગુફા બનાવી તેમાં પ્રવેશ કરી ‘શુક્રેશ્વર’ નામના શિવલીંગની સ્થાપના કરી. આ શિવલીંગની તેમણે શ્રધ્ધા-ભક્તિ સાથે ષોડશોપચારે પુજા-અર્ચના કરી અને શિવ સાધનાનો આરંભ કર્યો. નિરાદાર અને એક ધ્યાન સાથે તેમણે શિવજીને પ્રસન્ન કરવા દારૂણ તપનો પ્રારંભ કર્યો. આ પ્રકારે તપ કરતાં કરતાં એક હજાર વર્ષ વિતી ગયા. તેના તપથી પ્રસન્ન થયેલા શિવજીએ શુક્રાચાર્યને સાક્ષાત દર્શન આપ્યા. પછી કહ્યું, ‘હું તમારી સાધનાથી પ્રસન્ન થયો છું માટે વરદાન માંગો. તમારી ઈચ્છા હું અવશ્ય પરિપુર્ણ કરીશ.’ દાનવોના ગુરૂ શુક્રાચાર્યએ હાથ જોડી અને શિવજીને પ્રાર્થના કરી ‘હે દેવાધિદેવ મહાદેવ, જો આપ મારી ઉપર ખરેખર પ્રસન્ન થયા જ હો તો મને એવી વિદ્યા આપો કે જેના વડે હું યુધ્ધમાં મરેલાને પણ જીવતા કરી શકું.’ પ્રસન્ન થયેલા શિવજીએ મૃત્યું ઉપર વિજય પ્રાપ્ત કરવાવાળી તથા મરેલા પ્રાણીને પણ જીવતા કરનારી શક્તિવાળી સંજીવની વિદ્યા વરદાનના રૂપમાં આપી અને કહ્યું ‘હજુ બીજુ કંઈ પણ માંગવું હોય તો માંગો.’ ત્યારે શુક્રાચાર્યએ કહ્યું, ‘પ્રભુ, કારતક મહિનાની શુકલ પક્ષની આઠમના જો આ શુક્રેશ્વર મહાદેવના મંદિરના શિવલીંગનું ભક્તિપુર્વક પુજન-અર્ચન કરે તેને અપમૃત્યુંનો કદાપી ભય ન રહે. ત્યારે મહાદેવજીએ, ‘તથાસ્તુ’ કહી અને શુક્રાચાર્યને તેના મનગમતા વરદાન આપી કૈલાસ પર્વત તરફ પ્રયાણ કર્યું. આ વરદાન મેળવી શુક્રાચાયએ યુધ્ધમાં મૃત્યું પામેલા અસંખ્ય દૈત્યોને ફરીથી જીવતા કરી દેતા દેત્યોને પરાજીત કરવું દેવો માટે કઠીન બની ગયું. આ શુક્રતીર્થમાં પિતૃઓની શ્રાધ્ધાદિક ક્રિયા કરવાથી પિતૃગણ સંતુષ્ટ થાય છે. આ પવિત્ર તીર્થક્ષેત્રમાં પુજન-અર્ચન કરવાથી મનુષ્ય બધા જ પ્રકારના પાપોમાંથી મુક્ત થઈ જાય છે. તેને અલ્પમૃત્યું કે અપમૃત્યુંનો ભય નથી રહેતો.

**Realme Indiaના ઓફિસિયલ અને પુજારા ટેલીકોમના ૪૦૦થી વધુ સ્ટોરની ટીમ સાથે**

# પુજારા ટેલીકોમ દ્વારા realme 13 Pro સ્માર્ટફોન સીરીઝનું બોલીવુડ અભિનેત્રી ડેઝી શાહના હસ્તે ભવ્ય લોન્ચિંગ સેરેમની યોજાઈ







(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૮

Realme Indiaના ઓફિસિયલ અને પુજારા ટેલીકોમના ૪૦૦થી વધુ સ્ટોરની ટીમ સાથે પુજારા ટેલીકોમ દ્વારા realme 13 Pro સ્માર્ટફોન સીરીઝનું બોલીવુડ અભિનેત્રી ડેઝી શાહના હસ્તે ભવ્ય લોન્ચિંગ સેરેમની યોજાઈ. અમદાવાદમાં આયોજિત આ લોન્ચિંગ સેરેમનીમાં પુજારા ટેલીકોમ ગ્રુપના સંસ્થાપક અને ચેરમેન યોગેશભાઈ પુજારા, મેનેજીંગ ડીરેક્ટર રાહીલભાઈ પુજારા અને realme Indiaના સેલ્સ ડાયરેક્ટર તારિણી દાસ, LFR બીઝનેસ હેસ પુનીત ચતુર્વેદી અને કી અકાઉન્ટ મેનેજર રાજેશ મલિક સહીત પુજારા ગ્રુપના ગુજરાત, મહારાષ્ટ્ર અને રાજસ્થાનના ૪૦૦ થી વધુ સ્ટોરની ટીમના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત અને પશ્ચિમ ભારતના સૌથી વિશ્વાસપાત્ર મોબાઈલ ફોન રીટેલર પુજારા ટેલીકોમ દ્વારા realme બ્રાંડની નવી સ્માર્ટફોન સીરીઝ realme 13 Proનું ભવ્ય લોન્ચ કરી વેંચાણ પણ શરુ કરવામાં આવ્યું

## realme13 Pro સ્માર્ટફોન સીરીઝમાં આપવામાં આવ્યો છે અલ્ટ્રા ક્લીયર કેમેરા અને AI ફીચર્સ

છે. બોલીવુડ અભિનેત્રી ડેઝી શાહના હસ્તે મેગા ફેશન શો દ્વારા રીયલમીના નવા મોડેલનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. realme 13 Pro સ્માર્ટફોન સીરીઝમાં અદ્યતન કેમેરા સાથે AI ફીચર્સ આપવામાં આવ્યા છે, પુજારા ટેલીકોમના તમામ સ્ટોરમાં પ્રી-બુકિંગની ખાસ ઓફર પણ ચલાવવામાં આવી હતી, ભવ્ય લોન્ચિંગ બાદ ૬ ઓગસ્ટથી આ સ્માર્ટફોન સીરીઝના બધા મોડેલનું વેચાણ શરૂ કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે પુજારા ટેલીકોમ ગુજરાતની સૌથી જૂની અને વિશ્વસનીય રીટેલ ચેઈન છે જે મહારાષ્ટ્ર અને રાજસ્થાનમાં પણ સ્ટોર ઓપન કરી વિસ્તરણ કરી રહી છે, અવારનવાર અગ્રણી મોબાઈલ ફોન બ્રાંડ દ્વારા એમના નવા સ્માર્ટફોનનું પુજારા ટેલીકોમ ખાતે લોન્ચ કરવામાં આવે છે. realme 13 Pro સ્માર્ટફોન સીરીઝના લોન્ચિંગ વખતે સંસ્થાપક અને ચેરમેન યોગેશભાઈ પુજારાએ જણાવ્યું હતું કે, રીયલમી બ્રાંડ ફક્ત એક મોબાઈલ બ્રાંડ નથી, આ એક ટેકલાઈફ બ્રાંડ છે જે અર્વાચીન સમયમાં મોબાઈલ ફોનના સ્માર્ટ વપરાશને ધ્યાનમાં લઈ નવા સ્માર્ટફોન લોન્ચ કરે છે. realme 13 Pro સીરીઝના સ્માર્ટફોન પણ પુજારા ટેલીકોમના ગ્રાહકોની પ્રથાન પસંદ બનવાના છે સાથે સાથે રીયલમી બ્રાંડ તરફથી સેલ્સ ડીરેક્ટર તારિણી દાસે જણાવ્યું હતું કે, પુજારા ટેલીકોમ અને એમની ટીમ સાથે આ મોબાઈલ ફોનનું લોન્ચ રીયલમી બ્રાંડ માટે ગૌરવપૂર્ણ ક્ષણ છે, realme 13 Pro સ્માર્ટફોન સીરીઝમાં ફોટો અને વિડીઓગ્રાફી માટે ખાસ AI ટેકનોલોજી અને સૌથી શ્રેષ્ઠ સોની કેમેરા આપવામાં આવ્યા છે. પુજારા ટેલીકોમના તમામ ગ્રાહકો માટે અમારા દ્વારા ખાસ ઓફર્સ પણ આપવામાં આવી છે. ભવ્ય લોન્ચ માટે ખાસ ઉપસ્થિત રહેલ બોલીવુડ અભિનેત્રી ડેઝી શાહ દ્વારા પણ પુજારા ટેલીકોમ અને રીયલમીના નવા સ્માર્ટફોન બાબતે જણાવવામાં આવ્યું હતું કે, હું એક ગુજરાતી હોવાથી ગુજરાતની સૌથી પ્રતિષ્ઠિત એવી પુજારા ટેલીકોમ અને એમની સર્વિસથી વાકેફ છું, આજે રીયલમીના નવા સ્માર્ટફોનનું પુજારા પરિવાર સાથે લોન્ચ કરી ગૌરવ અનુભવું છું, realme 13 Pro સ્માર્ટફોન સીરીઝ ખુબજ આકર્ષક સ્માર્ટફોન સીરીઝ છે.

# વેરાવળની સરસ્વતી નદીમાં ન્હાવા પડેલ ચાર મિત્રો ડુબવા લાગતા ત્રણ બચી ગયા અને એકનું મૃત્યું થતા અરેરાટી પ્રસરી

**બીજ ગામના પટમાં પસાર થઈ રહેલ નદીમાં ચારેય મિત્રો ન્હાવા પડેલ : ફાયર ફાઈટરની ટીમને એક કલાકની શોધખોળના અંતે લાપતા બનેલ યુવકનો મૃતદેહ મળ્યો**





(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૮

વેરાવળ નજીકના બીજ ગામે સરસ્વતી નદીમાં નાહવા પડેલા ચાર મિત્રો પૈકી એક પાણીમાં ગરકાવ બનતા મોતને ભેટ્યો હતો. આ અકસ્માતમાં ત્રણ મિત્રોનો આબાદ બચાવ થયો છે. જો કે, એક મિત્રના મોતના પગલે ગામમાં અરેરાટી પ્રસરી ગઈ છે. આ અંગેની પ્રાપ્ત વિગત અનુસાર આજે બપોરે એકાદ વાગ્યાના સુમારે વેરાવળ તાલુકાના બીજ ગામે રહેતા પિયુષ જેસાભાઈ પંડિત નામનો ૨૦ વર્ષીય યુવક અન્ય ત્રણ મિત્રો સાથે ગામના પાદરમાંથી પસાર થતી સરસ્વતી નદીના ચેક ડેમમાં ન્હાવા પડ્યા હતા. જ્યાં ન્હાતી વખતે અકસ્માતે ચારેય યુવકો નદીના પાણીમાં ડૂબવા લાગ્યા હતા. જો કે, અન્ય ત્રણ મિત્રોનો ચમત્કારિક બચાવ થતાં બહાર નીકળી ગયા હતા. જ્યારે પિયુષ પંડિત પાણીમાં ડુબી ગયો હતો. આ અંગે બચી ગયેલા ત્રણેય યુવકો દ્વારા તાત્કાલિક ગ્રામજનોને જાણ કરવામાં આવી હતી. પ્રથમ ગ્રામજનોએ યુવકને બચાવવાના પ્રયત્નો કરેલ અને બાદમાં તંત્રને જાણ કરવામાં આવતા ટીડીઓ ભાવસિંહ પરમાર, મામલતદાર એસ.કે શ્રીમાળી અને પ્રભાસ પાટણ પોલીસનો સ્ટાફ ઘટના સ્થળે દોડી આવ્યો હતો. બાદમાં વેરાવળની ફાયર ફાઈટરની ટીમ દ્વારા ફાઈબર બોટ મારફતે નદીમાં લાપતા બનેલા યુવકની શોધખોળ હાથ ધરવામાં આવતા અંદાજે એકાદ કલાકની શોધખોળ બાદ ચેકડેમથી ૫૦૦ મીટર દુર યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. બાદમાં તંત્ર દ્વારા યુવકના મૃતદેહને વેરાવળ સિવિલ હોસ્પિટલ ખાતે પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો. મૃતક યુવક કોલેજમાં અભ્યાસ કરતો હતો અને પરિવારમાં મોટો ભાઈ તથા માતા પિતા સાથે રહેતો. ખેતી કામ કરતા આ પરિવારના આશાસ્પદ યુવકનું અકાળે અવસાન થતાં પરિવાર તેમજ નાના એવા બીજ ગામમાં અરેરાટી પ્રસરી જવા પામી છે.

# કેશોદમાં અંડરબ્રીજના ચાલતાં કામમાં શ્રમિક પડી જતાં મોત નીપજ્યું

**કેશોદમાં લાંબા સમયથી ચાલતું અંડરબ્રીજનું કામ અંતે ગોઝારૂ સાબિત થયું**

(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ તા.૮

કેશોદના ચારચોક વિસ્તારમાં આવેલા રેલ્વે ફાટક ઉપર ટ્રાફિક સમસ્યા હલ કરવા અને ફાટક મુક્ત કરવા ખાતમુહુર્ત કર્યા પછી ચાલતાં અંડરબ્રીજના કામમાં આજે વહેલી સવારે શ્રમિક પડી જતાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત બનતાં મોતને ભેટયા હતાં. કેશોદના ચારચોક રેલ્વે ફાટક પાસે આવેલ પ્રોવિઝન સ્ટોરના ઓટા ઉપર સુતેલા વિજયભાઈ કાનાભાઈ ચારોલીયા ઉમર વર્ષ ૪૦, રહેવાસી કોર્ટ પાછળ કેશોદ, છૂટક મજૂરી કામ કરતાં હોય કોઈ પણ કારણોસર પડી જતા અંડરબ્રીજના સળીયા ખિલાસરી છાતીના ભાગેમાધુસી જતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત બનતાં સ્થળ ઉપર જ મોત નીપજ્યું હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. વહેલી સવારે પસાર થતાં રાહદારીઓ અને વેપારીઓને આ ઘટના ધ્યાને આવતાં ૧૦૮ તાત્કાલિક એમ્બ્યુલન્સ સેવાને જાણ કરતાં વિજયભાઈ કાનાભાઈ ચારોલીયાનો મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો હતો અને પોસ્ટમોર્ટમ માટે કેશોદ સબ ડિસ્ટ્રીક્ટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. કેશોદ પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. કેશોદના ચારચોક વિસ્તારમાં વહેલી સવારે બનેલી ઘટનાના સમાચાર વાયુવેગે પ્રસરી જતાં ટોળેટોળાં ઉમટી પડયા હતાં. કેશોદના ચારચોક વિસ્તારમાં ચાલતાં અંડરબ્રીજના કામમાં વહીવટી મંજૂરીના વાકે કામ ખોરંભે પડયું છે ત્યારે આજે એક નિર્દોષ શ્રમજીવીએ જીવ ગુમાવતાં ગોઝારો પુરવાર થયો છે.



# બીલખા, શીલ અને ચોરવાડમાં જુગાર દરોડા : ૧૩ જુગારીઓ ઝડપાયા

(પ્રતિનિધી દ્વારા)

જૂનાગઢ તા.૮

જૂનાગઢ જીલ્લાના બીલખા, શીલ અને ચોરવાડમાં પોલીસે જુગાર અંગે દરોડા પાડતા ૧૩ જેટલા જુગારીઓને જુગાર રમતા ઝડપી ધોરણસરની કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર બીલખા પોલીસે ઈન્દીરાનગર વિસ્તારમાં જાહેરમાં જુગાર રમતા સોમાભાઈ પાંચાભાઈ પરમાર, વિનુભાઈ જેતુભાઈ શેખવા, મનુ નારણભાઈ ખસીયા અને શૈલેષ ઉર્ફે સુનીલ મકવાણાને ૮૮૯૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ બીલખા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે. જયારે શીલ પોલીસે મેખડી ગામ નજીકથી જાહેરમાં જુગાર રમતા બોઘાભાઈ ભીમાભાઈ કાથડ, દિપકભાઈ ઉર્ફે જખરો કાથડ અને કરશનભાઈ ધાનાભાઈ ભુવાને ૩૨૨૦ના મુદ્દામાલ સાથે ઝડપી ધોરણસરની કાર્યવાહી કરી છે. જયારે ચોરવાડ પોલીસે ખેરા ગામની કાદા પા વિસ્તારમાં જાહેરમાં જુગાર રમતા લખમણભાઈ જીણાભાઈ રાઠોડ, બાબુભાઈ મેપાભાઈ રાઠોડ, ભીખાભાઈ મીઠાભાઈ રાઠોડ, મોહનભાઈ વિરાભાઈ બગીતા, મનસુખભાઈ રામાભાઈ જોરા, પુનાભાઈ મેપાભાઈ રાઠોડને ૫૩૨૦ના મુદ્દામાલ સાથે ઝડપી ચોરવાડ પોલીસ મથકે જુગારધારા ૧૨ મુજબ કાર્યવાહી કરી છે.

**રાજકોટ માહિતી કચેરી અને રોજગાર વિનિમય કચેરીના સયુંકત ઉપક્રમે "વિદ્યાર્થી કારકિર્દી માર્ગદર્શક" સેમિનારમાં**

# આનંદમય કન્યા વિદ્યાલયની દીકરીઓ સાથે રસપ્રદ પ્રવૃત્તિઓ અને સરકારની કલ્યાણકારી યોજનાઓ વિશેનો સંવાદ-પરિસંવાદી વિનિમય





**કારકિર્દી ઘડતર માટે ચાવીરૂપ ભૂમિકા ભજવતા માહિતી ખાતાના "રોજગાર કારકિર્દી વિશેષાંક" પ્રકાશનની અગત્યતા વિશે સમજ પૂરી પાડી**

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૮

આજની પેઢી શાળાકીય જીવનમાં જ સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓથી પરિચિત થાય તેમજ વર્તમાનની સાથે ભવિષ્યમાં સરકારશ્રીની યોજનાઓનો લાભ લઈ શકે તેવા ઉમદા હેતુસર રાજકોટ માહિતી કચેરી અને રોજગાર વિનિમય કચેરીના સયુંકત ઉપક્રમે આનંદમય કન્યા વિદ્યાલય ખાતે "વિદ્યાર્થી કારકિર્દી માર્ગદર્શક" સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે સહાયક માહિતી નિયામકશ્રી પ્રિયંકાબહેન પરમારે આનંદમય કન્યા વિદ્યાલયની દીકરીઓ સાથે રસપ્રદ પ્રવૃત્તિઓ થકી સંવાદ સાધતાં વિદ્યાર્થીનીઓને સરકાર અને નાગરિકોને જોડતી કડી સમાન માહિતી અને પ્રસારણ વિભાગની વિવિધ કામગીરીનો પરિચય આપ્યો હતો. તેમજ માહિતી ખાતા દ્વારા પ્રકાશિત થતા પ્રકાશનો વિશે માહિતગાર કર્યા હતા. તેમજ ધો. ૧૦ અને ૧૨ પછી કારકિર્દી ઘડતર માટે ચાવીરૂપ ભૂમિકા ભજવતા માહિતી ખાતાના "રોજગાર કારકિર્દી વિશેષાંક" પ્રકાશનની અગત્યતા વિશે સમજ પૂરી પાડી હતી. ઉપરાંત રાજ્ય સરકારની શિક્ષણ, આરોગ્ય અને વ્યવસાયલક્ષી સહિત વિવિધ કલ્યાણકારી યોજનાઓ વિશે માહિતગાર થવાથી સ્વની સાથે અન્યના જીવનમાં પણ ખુશીઓ લાવી શકીએ છીએ તેની તલસ્પર્થી ચર્ચા કરી હતી. વિદ્યાર્થીનીઓને ઉજ્જવળ ભવિષ્યની શુભકામના પાઠવતાં શાળા સલાહકાર શ્રી ભાવનાબેન ભોજાણીએ દરેક દીકરીઓએ પોતાની અંદર સમાયેલી શક્તિઓને પિછાણીને શ્રેષ્ઠ કારકિર્દી ઘડવા ઉપર ભાર મૂક્યો હતો. તેમજ દેશ વિદેશમાં વિવિધ ક્ષેત્રે કપરી પરિસ્થિતિમાંથી પસાર થઈને સફળતાના શિખરો સર કરેલી પ્રતિભાશાળી મહિલાઓના દ્રષ્ટાંત સંભળાવ્યા હતા. તેમજ શિક્ષણ અને મહિલાલક્ષી યોજનાઓ વિશે માહિતગાર થઈને સરકારની યોજનાઓનો મહત્તમ લાભ લેવા કહ્યું હતું. વધુમાં મદદનીશ નિયામક રોજગાર કચેરીથી ઉપસ્થિત રહેલા શ્રી રાજેશભાઈ ચૌહાણે રોજગાર કચેરી દ્વારા કરવામાં આવતી કામગીરી અંગે માહિતગાર કરીને ધોરણ ૧૦-૧૨ પછી શું કરવું? તે બાબતે કારકિર્દી માર્ગદર્શન આપ્યું હતું.

ઉપરાંત વિદેશમાં શિક્ષણ અને રોજગારી મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓને પાસપોર્ટ અને વિઝા અંગેની માહિતી આપી હતી. ઉલ્લેખનીય છે કે, શાળાની વિદ્યાર્થીનીઓને માહિતી ખાતા દ્વારા પ્રકાશિત થતા ગુજરાત પાક્ષિક, રોજગાર સમાચાર, લોકમેળા, આદિવાસી સંસ્કૃતિ સહિતના વિવિધ પ્રકાશનોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ તકે શાળાના આચાર્યશ્રી અને શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

ભેળસેળ સાબિત કરનારને ઈનામ ૧ લાખ

૧૦૦% શુધ્ધ અને તાજુ ઘી જાતે બનાવો, ભેળસેળથી બચો.

માખણ રૂા. ૪૦૦/-
મલાઈ(ક્રિમ) રૂા. ૩૨૦/-

૧૦૦% ગેરંટેડ તથા શુધ્ધ અને તાજુ ઘી લેબોરેટરીની જવાબદારી

ભેંસનું ઘી રૂા. ૫૮૦/-
ગાયનું ઘી રૂા. ૬૨૦/-

મલાઈવાળું દહીં, ઘોરવું
તાજુ પનીર ગાયનું દુધ

શ્રી ચંદ્ર ડેરી ફાર્મ
શુધ્ધતા સાથે વ્યાજબી ભાવની ખાત્રી

(અશોકભાઈ)
આસ્થા કોમ્પ્લેક્ષ, હોટ એન્ડ સ્પાઈસની સામે, વણજારી ચોક, જૂનાગઢ. મો.નં.૯૮૨૫૧ ૬૭૦૦૮

**मोटरयान दुर्घटना दावा अधिकरण, चित्तौड़गढ़ (राज.)**

गौरी देवी वगैरा ---प्रार्थीगण

बनाम

चोलामंडलम एमएस जनरल इंश्योरेंस कंपनी लिमिटेड वगैरा- -- विपक्षीगण

क्षतिपूर्ति राशि - 78,84,000/-रूपये

प्रकरण सख्या - 448/2022

प्रेषिती श्री-


कपिल एन, मेवाड़ा पूत्र नजाभाई मेवाड़ा, जाति मेवाड़ा, उम्र 23 वर्ष, पेशा ड्राईवरी,निवासी वावड़ी, तहसील वेरावल, जिला गिर-सोमनाथ (गुजरात) 362265

(वाहन चालक ट्रक नंबर' जीजे. 32-टी-7939)

प्राथीगण ने आपके विरूद्ध एक क्षतिपुर्ति प्रार्थना पत्र 78,84,000/- रूपये बतौर क्षतिपूति राशि दिलाये जाने बाबत पेश किया है। अतः आपको इस सूचना पत्र के माध्यम से सूचित किया जाता है कि आप दिनांक 13.08.2024 को दिन (प्रातः) 10:30 ए.एम. बजे पूर्ण जानकारी एवं उत्तर देने के लिये उक्त दुर्घटना क्षतिपूर्ति अवेदन पत्र के संबंध स्वयं उपस्थित होवें, अथवा अपने ऐसे अधिकृत प्रतिनिधी को भेजे जो आवेदन पत्र के संबंध में पूर्ण जानकारी दे सके। सूचित रहे कि इस तिथि को आवेदन पत्र केअंतिम निर्णय के लिए है। अतः आप अपने कथन के समर्थन में जो भी साक्ष्याएं व साक्षीगण पेश करना चाहे, अपने साथ लेकर आवे ।आगाह रहे कि उपरोक्त नियत दिवस को आपके उपस्थिति न होने पर आवेदन पत्र आपकी अनुपस्थिति में सुना जाकर निर्णय दिया जावेगा।

मेरे हस्ताक्षर एवं न्यायालय की मोहर के साथ दिनांक एक अगस्त 2024 को जारी किया गया।

मोटर दुर्घटना दावा अधिकरण, चित्तौड़गढ़ (राज.)



સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

FOREST DEPARTMENT GOVT. OF GUJARAT

LiFE
Lifestyle for Environmen



# "एक पेड़ माँ के नाम" અભિયાન

## 75 મો વન મહોત્સવ ૨૦૨૪

**"હરસિદ્ધિ વન" લોકાર્પણ કાર્યક્રમ**

- "एक पेड माँ के नाम" અભિયાન અંતર્ગત **૧૭ કરોડ** રોપા વાવેતરનું આયોજન
- રાજ્યની **૮ મહાનગરપાલિકાઓ, ૩૩ જિલ્લાઓ, ૨૫૦ તાલુકાઓ તથા ૫,૫૦૦ ગામોમાં** જન ભાગીદારીથી વન મહોત્સવની ઉજવણી
- એગ્રો ફોરેસ્ટ્રી હેઠળ કુલ **૪૦,૦૦૦ હેક્ટર** વિસ્તારમાં ખેડૂતો થકી વાવેતર
- રાજ્યમાં **૨૦૦ હેક્ટર** વિસ્તારમાં હરિત વસુંધરા યોજના હેઠળ વનકવચ વાવેતર
- હરિત વન પથ વાવેતર હેઠળ રાજ્યમાં **૭૦ હેક્ટર (૩૫૦ કિ.મી.)** વિસ્તારમાં મોટા રોપાનું વાવેતર
- વ્યાપક વૃક્ષારોપણ અને પુનઃસ્થાપન પ્રયાસોના કારણે ગુજરાતમાં મેન્ગ્રુવ કવર **૧,૧૭૫ ચોરસ કિલોમીટર** સુધી વિસ્તર્યું

**તારીખ : ૦૮ ઓગસ્ટ, ૨૦૨૪**
**સમય : સાંજે ૦૪:૦૦ વાગે**
**સ્થળ : હરસિદ્ધિ માતાજી મંદિર નજીક, ગામ : ગાંધવી, તાલુકો : કલ્યાણપુર, જિલ્લો : દેવભૂમિ દ્વારકા**



રોપા મેળવવા માટે QR કોડ સ્કેન કરો.
નર્સરીની વધુ માહિતી પ્રાપ્ત કરવા માટે QR કોડ સ્કેન કરો.

**આવો, આપણે સૌ સાથે મળી ગુજરાતને હરિયાળું બનાવીએ**

સ્થળ પર પહોંચવા માટે QR કોડ સ્કેન કરો.
વધુ માહિતી માટે ફોન કરો.
૧૯૨૬ | ૮૩૨૦૦૦૨૦૦૦